ઓગસ્ટ અને સપ્ટેમ્બર
૨૦૨૪

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ



શ્રી મહાલક્ષ્મી મંદિર, ખેડા

# ઉડાન એક નવા સફર ની, ઉડાન સપનાથી હકીકતની









GIVE WINGS TO YOUR KID

UDAAN SCHOOL

KOTHAMBA

(સ્વનિર્ભર જૂન-૨૦૧૮ થી શરૂ)

GIVE WINGS TO YOUR KID

શિક્ષા ભી, સંસ્કાર ભી.

**સતત ૬ વર્ષથી શિસ્ત, નિયમિતતા અને ગુણવત્તાસભર શ્રેષ્ઠ શિક્ષણ અને સર્વોત્તમ પરિણામ આપતી સંસ્થા એટલે ઉડાન સ્કૂલ**

પ્લે ગ્રુપ | નર્સરી (૪ વર્ષ) | જુનિયર કે.જી. (૫ વર્ષ) | સીનીયર કે.જી. (૬ વર્ષ)

## ધોરણ ૧ થી ૮ (ગુજરાતી માધ્યમ)

## STANDARD 1ST TO 5TH (ENGLISH MEDIUM)

**સ્કૂલ બેગ / વર્ક બુક્સ / યુનિફોર્મ (૨ જોડી) / સ્વેટર / હેલ્ધી લંચ / વર્ક શીટ**

**બધી જ સુવિધાઓ ફી માં સામેલ છે. (પ્રિ-સ્કૂલ / પ્રાયમરી બને વિભાગમાં)**

**એક જ પરિવારના બે અથવા બે થી વધુ બાળકો ને ફી માં ૨૦% ની રાહત.**




### વિશેષતાઓ :

- કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, લાઈબ્રેરી
- નિયમિત રીતે બાળકોનું સાપ્તાહિક મૂલ્યાંકન
- કલર વર્કશિટ્સ (પ્રી-સ્કૂલ સ્ટુડન્ટ માટે)
- પ્રાયમરી સેક્શનમાં દરેક વિષયનું સોફ્ટવેર દ્વારા ઇ-લર્નિંગ
- આકર્ષક કે.જી સેક્શન
- કે.જી. સેક્શન માટે આયાની સુવિધા
- વિવિધ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ
- જુનિયર કે.જી. થી હિન્દીનું શિક્ષણ
- દરેક ગામ થી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા
- મંથલિ એસેસમેન્ટ
- કાર્યદક્ષ સ્ટાફ
- અંગ્રેજી માધ્યમમાં ફરજિયાતપણે માતૃભાષાનું શિક્ષણ
- શુધ્ધ અને પોષણયુક્ત ભોજન
- દરેક વિદ્યાર્થીનું વ્યક્તિગત ધ્યાન
- સીમિત વર્ગ સંખ્યા
- વાલીને અનુકૂળ ફી ભરવાની વ્યવસ્થા
- ડાયનિંગ સ્પેશ


લોમેશ ઉપાધ્યાય : 98790 07330
નૃપેશ ઉપાધ્યાય : 99250 34551

આઈડિયલ હાઈસ્કૂલ પાસે, મુ. કોઠંબા

TROPICAL SOLAR ENERGY



## Working to safeguard India's energy future


**101 Emerald, Opp Hotel Crown, CG Road, Ahmedabad, Gujarat, India 380009.**
**www.tropicalsolar.in | Email: info@tropicalsolar.in | Contact: +91 9428510372**

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.** રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

**જાન્યુઆરી થી જુલાઈ ૨૦૨૪** | www.sssgujarat.org

**પ્રમુખ**

**શ્રી કમલેશભાઈ પાઠક**

મો. 94265 11472

**મંત્રી**

**શ્રી યોગેશ શુક્લ**

મો. 98240 58799

**ખજાનચી**

**શ્રી પ્રવિણ પુરોહિત**

મો. 9824358297

**તંત્રી**

**શ્રી રાજેશ પંડ્યા 'રાજ'**

મો. 94286 04119

**તંત્રી મંડળ**

શ્રી જયંતભાઈ જોશી

શ્રી હેતલકુમાર શુક્લ

શ્રી ધ્રુવ શુક્લ

શ્રી કૃતાર્થ જોષી


શ્રી દિગિશ દવે

શ્રી હાર્દિક શુક્લ

## અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. | તંત્રી લેખ | રાજેશ પંડ્યા-રાજ | ૦૫ |
| ૨. | સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી | | ૦૬ |
| ૩. | શ્રી મહાલક્ષ્મી માતાજી મંદિર, કાલોલ | રાજેશ પંડ્યા | ૦૭ |
| ૪. | સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત વેબસાઈટ ઈન્ટરનેટ લિંક | | ૦૮ |
| ૫. | કે. જે. કેમ્પસ જાહેરાત | | ૦૯ |
| ૬. | મહાલક્ષ્મી ધામ, શહેરા | ભાવિનભાઈ દવે | ૧૦ |
| ૭. | એમરાલ્ડ ડેવલોપર્સ જાહેરાત | | ૧૧ |
| ૮. | શ્રી મહાલક્ષ્મી માતાજી - ખેડાનો ઈતિહાસ | હરેશભાઈ પંડ્યા | ૧૨ |
| ૯. | ડોનાલ્ડ કીડ્સ જાહેરાત | | ૧૩ |
| ૧૦. | મા મહાલક્ષ્મીનું મંદિર, મધવાસ | | ૧૫ |
| ૧૧. | દવે એન્ડ દવે જાહેરાત | | ૧૭ |
| ૧૨. | સિદ્ધિ સોપાન | | ૧૮ |
| ૧૩. | વિધાતા મેરેજ બ્યુરો જાહેરાત | | ૨૧ |
| ૧૪. | સમાચાર સંચય | | ૨૨ |
| ૧૫. | શિવ શરણ કેવલમ્ | ચિંતલ જોશી | ૨૩ |
| ૧૬. | પંકજ શુક્લ જાહેરાત | | ૨૪ |
| ૧૭. | ગણેશ વંદના | | ૨૫ |
| ૧૮. | મંગલકામના | વિજયભાઈ પુરોહિત | ૨૫ |
| ૧૯. | સુગરી માળો | માલિની જોશી પાઠક | ૨૬ |
| ૨૦. | શિવશંભુ | યામિનીબેન ત્રિવેદી | ૨૬ |
| ૨૧. | રોહિત દવે જાહેરાત, રિદ્ધિ હોસ્પિટલ જાહેરાત | | ૨૭ |
| ૨૨. | આશા, નિરાશા | રાજેશ પંડ્યા | ૨૮ |
| ૨૩. | ખુશીનું વૈદુ | | ૨૯ |
| ૨૪. | ખંભાત ખાતેની બેઠકનો અહેવાલ | | ૩૦ |
| ૨૫. | સર્વે મંડળના સભ્યો તથા પરિવારજનો | | ૩૨ |
| ૨૬. | ત્રીજો શરદોત્સવ | | ૩૩ |
| ૨૭. | અલ્ટીમેટ ઈન્શ્યોરન્સ જાહેરાત | | ૩૪ |
| ૨૮. | શ્રદ્ધાંજલિ - શર્મિષ્ઠાબેન બિપીનચંદ્ર ઉપાધ્યાય | | ૩૫ |
| ૩૬. | અવસાન નોંધ | | ૩૬ |
| ૩૭. | પ્રતિક શુક્લા જાહેરાત | | ૩૬ |
| ૩૮. | કેન્સર જાગૃતિ વિષે વ્યાખ્યાન | | ૩૭ |
| ૩૯. | સીટીસ્કેપ રિયલ એસ્ટેટ જાહેરાત | | ૩૮ |
| ૪૦. | સ્પેક્ટ્રમ આતિથ્ય | | ૩૯ |
| ૪૧. | શ્રી એમ. એમ. પરીખ કાર્ડીયેક કેર સેન્ટર-ખંભાત ની માહિતી | | ૪૦ |
| ૪૧. | માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ | | ૪૫ |

**તંત્રી લેખ...**



શ્રીબંધુ મિત્રો, રાજેશ પંડ્યા "રાજ" ના પ્રણામ. મજામાં હશો. આપની સમક્ષ સપ્ટેમ્બર અંક રજૂ કરતાં અત્યંત હર્ષની લાગણી અનુભવું છું. જુલાઈ અંકને એટલો અદ્દભૂત આવકાર મળ્યો કે મારી જવાબદારી દરેક અંકમાં વિવિધતા લાવવાની વધી ગઈ. આ બાબત મને અંદરથી આનંદ આપે છે.

મિત્રો, આ અંકમાં સિધ્ધિ સોપાન, સમાચાર સંચય... જે જુલાઈ અંકમાં છે એ પ્રમાણે જ છે પણ સાહિત્ય બાબતે અત્યંત સરસ વાનગીઓ આપને પીરસી છે. મહાલક્ષ્મીજી માતાના સમાજના મંદિરોની અત્યંત સુંદર માહિતી સાથે વિવિધ લેખો તમને અંક વારંવાર વાંચવા ઉત્સાહી કરશે. ઘરમાં ઉંમરલાયકો માટે તો આ દરેક અંકની કલર પ્રિન્ટ કાઢી રાખોને તો એમને વાંચનની સુગમતા પડે.

શ્રીગૌડ સાહિત્યકારોની ટીમ સરસ રીતે સહકાર આપે છે. અંકમાં એમની ઉત્તમ રચનાઓ મૂકાય છે. તમામ લેખો માહિતી સભર જ હોય છે. હજુ અન્ય સાહિત્યકારો આગળ આવશો. હું સંપૂર્ણ સહકાર આપીશ. અંકને શ્રેષ્ઠ બનાવવા કોઈ કસર છોડી નથી.

**મિત્રો, પરદેશમાં વસનારા કે સ્થાનિક શ્રીબંધુઓ થકી જો એક મોટું ફંડ મળે તો એના વ્યાજ માંથી જ આ અંકની આજીવન હાર્ડકોપી વિતરણ થઈ શકે. આ માટે તમામ શ્રી સ્વજનો એકત્રિત થઈ અમારો સંપર્ક કરી એક ફંડ તૈયાર કરશો એવી મારી અંગત વિનંતિ છે.**

મુખપત્ર લોકપ્રિય બની રહ્યું છે, કલરપેપરમાં આખી જાગૃતિ તૈયાર થાય છે. દરેક ઘેર pdf મળે એનું અમે ધ્યાન રાખીએ છીએ. દરેક શ્રીબંધુઓ પોતાની સ્વૈચ્છિક જવાબદારી સમજી આવા અમારા સામાજિક કામોમાં આગળ આવે અને જ્ઞાતિને એક ઉચ્ચતા અપાવવામાં સહભાગી બને.

**મિત્રો, હવે ઓકટોબરમાં દિવાળી અંક આવશે. જે મારે કહેવાની જરૂર નથી. તમે બની શકે એટલી જાહેરાતો આપી અંકને ભરી દેશો. અમે વિવિધતા સભર ઉપયોગી માહિતીઓ આપી અંકને મજેદાર બનાવીશું. એ જ આપનો સૌનો પરમ સ્નેહી...**

- રાજેશ પંડ્યા "રાજ"

લેખક-કવિ, અમદાવાદ

આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**
એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.
એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨
બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)
**IFS Code : SBIN0008053**

E-mail - shreegaudjagruti2019@gmail.com
Website - https://samastshreegaudsamajgujarat.org
Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/
**Contact No. : 8799163969 (Jayant Joshi)**

# સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી

**પ્રમુખ શ્રી કમલેશભાઈ એસ પાઠક,અમદાવાદ**

**મંત્રી શ્રી યોગેશ કે શુકલ ,અમદાવાદ**

**ખજાનચી શ્રી પ્રવીણભાઈ વી પૂરોહિત ,અમદાવાદ**

તંત્રી, શ્રીગૌડ જાગૃતિ - શ્રી રાજેશ પંડ્યા ‘ રાજ’ (અમદાવાદ)

### ટ્રસ્ટી મંડળ

૧. શ્રી જયંતભાઈ જી. જોષી,ગાંધીનગર
૨. શ્રી ધર્મેશભાઈ બી. પંડ્યા,વડોદરા
૩. શ્રી ધ્રુવભાઈ જે. જોષી,વડોદરા
૪. શ્રી મિહિરભાઈ આર. પંડયા,અમદાવાદ
૫. શ્રી વિપુલભાઈ જે. ભટ્ટ,અમદાવાદ
૬. શ્રી જીજ્ઞેશભાઈ એસ. પાઠક, શહેરા
૭. શ્રી કુમુદભાઈ એ. દવે,અમદાવાદ
૮. શ્રી પંકજભાઈ એમ. શુકલ,અમદાવાદ
૯. શ્રી સ્મિતલભાઈ કે. પંડિત, અમદાવાદ
૧૦. શ્રી કેયુરભાઈ શાસ્ત્રી,અમદાવાદ
૧૧. શ્રી હેતલકુમાર આર. શુકલ,અમદાવાદ

### જિલ્લા / વિસ્તાર પ્રમાણે કારોબારી સભ્યો :-

### અમદાવાદ, ગાંધીનગર, ઉત્તર ગુજરાત

૧ શ્રી ધ્રુવ શુક્લ (અમદાવાદ)
૨ શ્રી ઉદય શાસ્ત્રી (અમદાવાદ)
૩. શ્રી દિગીશ દવે (અમદાવાદ)
૪. શ્રી અમિત જોષી (અમદાવાદ)
૫. શ્રી રાજેશ પંડ્યા (અમદાવાદ)
૬. શ્રી જીજ્ઞેશ પંડિત (અમદાવાદ)
૭. શ્રી વર્ષિલ શુક્લ (ગાંધીનગર)
૮. શ્રી જયેશ ભટ્ટ (અમદાવાદ)
૯. શ્રી નિરવ દવે (અમદાવાદ)
૧૦. શ્રી રાજેશ દવે (અમદાવાદ)
૧૧. શ્રી હાર્દિક શુક્લ (ગાંધીનગર)
૧૨. શ્રી આશિષ જોષી (અમદાવાદ)
૧૩. શ્રી અલ્પેશ ઉપાધ્યાય (અમદાવાદ)
૧૪. શ્રી અતુલભાઈ પાઠક (અમદાવાદ)
૧૫. ડો. શ્રી પ્રશાંતભાઈ જોષી (અમદાવાદ)
૧૬. શ્રી મુકેશભાઈ પુરોહિત (અમદાવાદ)
૧૭. શ્રી મયંકભાઈ શુક્લ (અમદાવાદ)
૧૮. શ્રી જયંતભાઈ શુક્લ ( અમદાવાદ)

### વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લો

૧. શ્રી પ્રશાંતભાઈ પાઠક -
૨. શ્રી આશિષભાઈ પાઠક
૩. શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત
૪. શ્રી વિપુલભાઈ પંડ્યા
૫. શ્રી વિમલભાઈ ત્રિવેદી
૬. શ્રી જયેન્દ્રભાઈ દવે
૭. શ્રી કિરીટભાઈ શુક્લ

### દક્ષિણ ગુજરાત (ભરુચ, સુરત, વલસાડ)

૧. શ્રી કિરીટભાઈ જોષી (ભરૂચ)
૨. શ્રી તેજસભાઈ શુક્લ (સુરત)
૩. શ્રી હરદિપ પાઠક (સુરત )

### મહિસાગર, પંચમહાલ, દાહોદ જિલ્લા (દાહોદ, ગોધરા, કાલોલ, શહેરા, લુણાવાડા, વીરપુર, કોઠંબા)

૧. શ્રી લોમેશભાઈ ઉપાધ્યાય (કોઠંબા)
૨. શ્રી કૃતાર્થ જોષી (દાહોદ)
૩. શ્રી ભાવેશભાઈ જોષી (ગોધરા)
૪. શ્રી અંકુર ઉપાધ્યાય (કાલોલ)
૫. શ્રી સંદીપભાઈ દેવાશ્રયી (લુણાવાડા)

### ખેડા / આણંદ (નડિયાદ, ડાકોર, આણંદ, ખંભાત)

૧. શ્રી મહેશભાઈ ઉપાધ્યાય (ડાકોર)
૨. શ્રી પંકજભાઈ પુરોહિત (આણંદ)
૩. શ્રી ભરતભાઈ દવે (આણંદ )
૪. શ્રી હેમંતભાઈ પુરોહિત (આણંદ )
૫. શ્રી માર્તંડભાઈ પાઠક (ખંભાત)
૬. શ્રી ભાવિનભાઈ ભટ્ટ (ખંભાત)

### મહિલા પ્રતિનિધિ

૧. સુશ્રી રશ્મિબેન દવે (અમદાવાદ)
૨. સુશ્રી પારુલ દવે (અમદાવાદ)
૩. સુશ્રી શેફાલી ઉપાધ્યાય (કાલોલ)
૪. સુશ્રી ભાર્ગવીબેન અગ્નિહોત્રી(અમદાવાદ)

# મહાલક્ષ્મી માતાજી મંદિર, કાલોલ.

**-રાજેશ પંડ્યા, તંત્રીશ્રી**



મિત્રો, આપ સર્વેને શ્રીગૌડ સમાજના અગત્યના મંદિરોમાંના એક એવા મહાલક્ષ્મી માતાજી મંદિર,કાલોલ વિશે થોડી વાત કરીએ.

મહાલક્ષ્મી માતાજી મંદિર,કાલોલ એ અંદાજિત ૨૫૦ વરસ પુરાણું પ્રતિષ્ઠાન ગણાય છે. મંદિરની મૂર્તિ ચંડીપાઠના પ્રાધાનિક રહસ્ય શ્લોક ક્રમ( ૪) સર્વસ્યાધા... અને શ્લોક ક્રમ (૫) માતુલિગં ગદાં ખેટં... મુજબ જ નિર્માણ થયેલું દેખાય છે. આ અલભ્ય સ્વરૂપ કે જેમાં મહાલક્ષ્મી, મહાકાલી,મહા સરસ્વતી ત્રણેયની એકીભૂત શક્તિના અહીં હાથોમાં ચિન્હ સાથે દર્શન થાય છે એ એક સિદ્ધહસ્ત મંદિરની ઓળખ છે.

શ્રીગૌડ જ્ઞાતિના કુળદેવી એવા આ મંદિરની મૂર્તિમાં પ્રાણતેજ ખૂબજ તેજ ગતિએ વહેતું જોવા મળે છે.

ઉંમરલાયક શ્રી સ્વજનોના મુખે સાંભળ્યું છે કે જો સાચા દિલથી સંકલ્પ સાથે માતાજીનું કોઈ કામ માટે અનુષ્ઠાન કરવામાં આવે છે તો માતાજીની કૃપા થકી એનું કાર્ય અચૂક રીતે પૂર્ણ થાય છે.

માતાજીની અવિરત કૃપા એ ધર્મિષ્ઠ ઉપર વહેતી રહે છે.

શ્રીગૌડ ૧૩૫ જીર્ણ પક્ષ, કાલોલ, પોરવાડ વણિક જ્ઞાતિ, સોની જ્ઞાતિ, શ્રીમાળી જ્ઞાતિ જેવી અન્ય જ્ઞાતિઓના પણ એ કુળદેવી છે.

દર વરસે, અખો નોમના દિવસે અહીં પ્રાગટયોત્સવ નિમિત્તે માતાજીનો હવન થાય છે. આખું વરસ અનેક ધર્મનિષ્ઠો નવચંડી, ભજનો જેવા ધાર્મિક પ્રસંગોનું અહીં આયોજન કરે છે.


માતાજીની સેવાનો લાભ મેળવે છે.

કુળદેવી મહાલક્ષ્મી માતાજીના સ્થાનના જીર્ણોદ્ધાર માટે ૧૯૮૫ ની સાલ પછી અગ્રગણ્ય શ્રીગૌડ શ્રીસભ્યોએ મંદિરને સુવિધાજનક બનાવવા પ્રયત્નો કર્યાં. મહાલક્ષ્મી મંદિર, કાલોલ બજાર વચ્ચે આવેલું હોવાથી એક જગ્યા નિશ્ચિત બનેલી હતી. સમય સાથે એમાં સુધારો કરવો પડે. શ્રીગૌડ સમાજના અગ્રણી એવા આદરણીય સ્વ. ભાનુભાઈ પંડ્યા, KJIT, સાવલીએ મંદિરમાં રસ લઈ રસોઈ સેવા, ભોજનપ્રસાદી લઇ શકાય એવી બેઠક વ્યવસ્થા માટે શ્રી સહયોગ આપી કાશીબા ભવનનું નિર્માણ કર્યું એનો અનેક ધર્માળુઓ લાભ લઇ રહ્યાં છે.



માતાજીના મંદિરમાં હજી આકર્ષક પ્રવેશદ્વાર અને અન્ય આધુનિક સુવિધાઓ જનક વ્યવસ્થા કરવાની જરૂરિયાત ગણાય. આ મંદિર સાથે અનેક શ્રી સભ્યોની એક આસ્થા જોડાયેલી છે. નવા નિર્માણ કાર્યમાં અલગ અલગ જરૂરિયાતોના દાતાઓ જો આગળ આવે તો સરળતાથી નવું મંદિર બની શકે. આ માટે પૂછપરછ આવકાર્ય છે.

વડોદરા-ગોધરા હાઈવે ઉપર પસાર થવાનું થાય અને વચ્ચે જ કાલોલ આવે છે તો આવા પૌરાણિક સત ધરાવતા મંદિરની અચૂક મુલાકાત લેશો. આ લેખ થકી જાગૃત બની સંપર્ક કરશો અને આપની ધર્મનિષ્ઠાને પૂર્ણ કરશો.




[Numerology webinar : Vyomesh Pathak]

[Carreer Guidance 2024]

[Sharadotsav 2023]

[Carreer Guidance 2023]

[Sharadotsav 2022]

[Samast Shreegaud Samaj Gujarat - Youtube Channel - Like it Subscribe it]

**Please Subscribe & Share**

**YouTube Channel**

**Samast Shreegaud Samaj Gujarat**

Scan me!

**https://www.youtube.com/@samastshreegaudsamajgujara711**

## શ્રીગૌડ જાગૃતિના સર્વે વાચકોનું કલ્યાણ થાય એજ શુભેચ્છાઓ !!

જયકા જનસહાયક ટ્રસ્ટ સંચાલિત

# K. J. CAMPUS - SAVLI

(શૈક્ષણિક સંકુલ)




**K. J. INSTITUTE OF ENGG. & TECHNOLOGY**
ધોરણ ૧૨ પછીના ૪ વર્ષના ડીગ્રી એન્જીનીયરીંગ કોર્સ
ધોરણ ૧૦ પછીના ૩ વર્ષના ડીપ્લોમા એન્જીનીયરીંગ કોર્સ

**K. J. Institute of Ayurveda & Research**
ધોરણ ૧૨ પછીના ૪ ૧/૨ વર્ષના BAMS કોર્સ

**Kashiba Ayurvedic Hospital**
૬૦ બેડની આયુર્વેદિક હોસ્પિટલ

**S. B. College of Computer Application & Mgmt.**
ધો. ૧૨ પછીના ૩ વર્ષના BCA, BBA, BSW તથા બે વર્ષના
MSW - M.Sc. (I.T. - Cyber Security) Post Graduate Courses.

**Skill Development Courses**
SSC ધો. ૧૦ પછી ૪ મહિનાના સરકાર માન્ય FREE Skill Development Course
(વેલ્ડર, ફીટર, ઈલેક્ટ્રીશિયન, CNC ઓપરેટર, કસ્ટમર કેર એક્ઝીક્યુટીવ )

**K. J. Vidhyamandir**
KG થી ધો. ૧૨ સાયન્સ – ગુજરાતી અને English Medium સ્કૂલ

**Gyanshakti Residential School of Excellence**
ધો. ૬ થી ૧૨ ગુજરાતી મિડીયમ રેસિડેન્સીયલ સ્કૂલ


સફળતાપૂર્વક અભ્યાસ પુરો કર્યા પછી કેમ્પસ પ્લેસમેન્ટની વ્યવસ્થા



- કૉલેજ કેમ્પસમાં વિદ્યાર્થી **ભાઈઓ અને બહેનો માટે હોસ્ટેલ**ની સવલત
- વડોદરા શહેર થી **રાહત દરે કોલેજ બસ** સુવિધા

K. J. Campus, Opp. I.T.I., P.O. Savli - 391770, Dist : Vadodara.
Tele-Fax : 02667-222264
M.: 8980314190, 9408600500
info@kjit.org
www.kjit.org

# મહાલક્ષ્મી ધામ, શહેરા



ગતાંકમાં મહાલક્ષ્મી ધામ, શહેરા વિશે તમે સુંદર માહિતી મેળવી. આ મંદિર તેની ભવ્યતા અને સુંદર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થકી સમાજમાં વધુ લોકપ્રિય થઈ ચૂકયું છે. મંદિર બાંધકામ હજુ ચાલુ જ છે. પર્યટકો, ધાર્મિકો માટે મંદિર પરિસરમાં આધુનિક, વિશાળ રહેવા-ભોજનની વ્યવસ્થા છે. મંદિર એટલું વિશાળ છે કે વધારે ધર્માળુઓ કદાચ એકસાથે મુલાકાત લે તોપણ જરાપણ ગેરવ્યવસ્થા સર્જાતી નથી. વહીવટકર્તાઓ પણ સહકારી સ્વભાવ વાળા છે.

મંદિરના ટ્રસ્ટીશ્રી થકી તારીખ ૪/૨/૨૦૨૦ ના રોજ બ્રાહ્મણ સમાજના માટે સમૂહજનોઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણાં બ્રાહ્મણ કુટુંબના બટુકોને સમૂહજનોઈ આપવામાં આવી હતી. દર વરસે શ્રાવણી પૂનમ - બળેવના દિવસે બ્રાહ્મણ સમાજના શ્રીસભ્યોને જનોઈ બદલવાના, નવરાત્રી કે ધાર્મિક તહેવારો મુજબ અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો આખું વરસ ચાલુ જ રહે છે.

આવા નવસો વરસ પુરાણા, પણ આધુનિક વ્યવસ્થાથી સજ્જ મંદિરો ખૂબ ઓછા જોવા મળે. ગોધરા-લુણાવાડા વચ્ચે આવેલ આ મંદિરની અચૂક વારંવાર મૂલાકાત લેશો.

સૌજન્ય : ભાવિનભાઈ દવે, શહેરા







EMERALD
DEVELOPERS

KAMLESH PATHAK
Managing Director

info@emeralddevelopers.in

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Cross Road, CG Road,
Navrangpura, Ahmedabad - 9, Gujarat, INDIA.

# શ્રી મહાલક્ષ્મી માતાજી - ખેડાનો ઈતિહાસ

પ્રસ્તુતકર્તા : શ્રી હરેશભાઈ એન. પંડ્યા

પૌરાણિક માહાત્મ્ય ધરાવતી વાત્રક અને શેઢી નદીના સંગમસ્થાને બિરાજમાન થયેલ સ્વયંભૂ પ્રગટ શિવતીર્થ સોમનાથ મહાદેવના સ્થાનકે ખેટકપુર નગરના એક ભૂદેવ શિવ સ્મરણ કરતાં કરતાં જઈ રહ્યાં છે. ભાલે ત્રિપુંડ છે. ગળામાં રુદ્રાક્ષની માળા છે. હાથમાં ફૂલદાની છે. વાતાવરણમાં નીરવ શાંતિ છે. બ્રહ્મ મૂહુર્તની વેળા વહી રહી છે. આકાશગંગામાંથી તારક મંડલ પોતાનું સૌમ્ય તેજ ચોતરફ રેલાવી રહ્યું છે.

સોમનાથ મહાદેવના વિશાળ પ્રાંગણમાં આવેલ ગોરા દેસાઈના કૂવા પાસે આવી ભૂદેવ થોભ્યા. દોરડાના છેડે ગાગર બાંધી કૂવામાંથી પાણી કાઢ્યું અને શિવજીની પૂજા માટે શિવદ્વારે પહોંચ્યા. ગર્ભગૃહમાં પ્રવેશી અત્યંત ભાવપૂર્વક પૂજા, અર્ચના, વંદના કરી આનંદિત થઈ ઊઠ્યા. ગર્ભગૃહમાંથી બહાર આવી ચોગાનમાં આવેલ ચબુતરાની નજદીક ઉગેલા બિલ્વપત્રના વિશાળ વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠા.

નીરવ એકાંતમાં મનભાવ સમાધિમાં ડૂબી ગયું છે. હૃદયનો તાર પરમાત્મા સાથે જોડાઈ ચૂક્યો છે. એકાગ્રતા સધાઈ ચૂકી છે. એવા સમયે તેમના અંતઃચક્ષુ સમક્ષ પરમ તેજોમય દેદિપ્યમાન એવા કુળદેવીશ્રી મહાલક્ષ્મી મા ના પરમ દર્શન થયાં. ભૂદેવનું હૈયું ભાવવિભોર થઈ ગયું.

અત્યંત નમ્રભાવે માને વંદના કરી તેઓ ધન્ય ધન્ય થઈ ગયા. “મા ! તું સર્વ જનોનું અને મારા જ્ઞાતિબંધુઓનું કલ્યાણ કર.” ગદ્ ગદ્ ભાવે ભૂદેવ ઉચાર્યા. માએ કીધું એ કામ તારા હસ્તે જ થશે. એમ આશિષ આપી મા અંતર્ધ્યાન થઈ ગયાં.

સાત ઘોડાના રથ પર બિરાજી ભગવાન સૂર્યનારાયણની સવારી આવી પહોંચી. સૂર્યનાં સોનેરી કિરણો શિવાલયના શિખરને સ્પર્શ્યાં અને શિખર સુવર્ણમય ભાસવા માંડ્યું. પક્ષીઓના મધુર કલરવથી વાતાવરણમાં દિવ્ય સંગીત ગુંજી ઊઠ્યું. નિત્યકર્મ આટોપી ભૂદેવ નગરમાં આવેલ પોતાના નિવાસસ્થાને આવી પુગ્યા.



મુદ્‌ગલ ઋષિના ગોત્રમાં ઉત્પન્ન થયેલ એ ભૂદેવનું શુભ નામ શ્રી ડાહ્યારામ મયારામ પંડ્યા. ઠામ ઠેકાણું ભાગીયાની ખડકી (કાછીયા ગોરની ખડકી) ખેડામાં, જ્ઞાતિએ શ્રીગૌડ બ્રાહ્મણ. શ્રી ડાહ્યારામ પોતે શ્રી વિદ્યાના પરમ આરાધક હતા. ઘરે આવી સંકલ્પ લીધો કે શ્રી મહાલક્ષ્મી માને બિરાજમાન કરવા એક સુંદર મંદિરનું નિર્માણ કરવું.

ભાગીયાની ખડકીની બહાર આવેલ એક ઊંચી જગ્યા પસંદ કરી શુભ સમય પસંદ કરી ખાત મુહૂર્ત કરી મંદિર તથા ધર્મશાળાના નિર્માણનું કાર્ય શરૂ કર્યું. બીજી બાજુ માના નિજ સ્વરૂપનાં જે દર્શન થયેલાં તે સ્વરૂપને સાકાર કરવા માટે જયપુરથી શિલ્પકારોને આમંત્રણ આપી ખેડા બોલાવ્યા.

માના દિવ્ય સ્વરૂપનું વર્ણન શિલ્પકારો સમક્ષ કરી બતાવ્યું. જે અનુસાર શિલ્પકારોએ માનું પ્રતિરૂપ નિર્માણ કર્યું. તેમાં જે અપૂર્ણતા ભાસી તેમાં સુધારા વધારા કરી શિલ્પકારોએ ખેડામાં આવેલ સોમનાથ મહાદેવના પ્રાંગણમાં આવેલ ચબુતરી પાસે એવું શિલ્પ કાર્ય કર્યું અને શ્રી ડાહ્યારામને જેવા સ્વરૂપની ઝાંખી થયેલ તેવા સ્વરૂપને આબેહુબ મૂર્તિ નિર્માણ કરી. આ મૂર્તિ નિહાળી ડાહ્યારામને પરમ સંતોષ થયો. આ બાજુ મંદિર પણ નિર્માણ પામી ચૂક્યું હતું. એટલે હવે સજ્જ કરવા માટે શ્રેષ્ઠ મુહૂર્ત પસંદ કરવા શ્રીગૌડ બંધુઓને એકત્ર કરી રાય માંગી.

આપણા શાસ્ત્રકારોએ ત્રણ સ્વયં સિદ્ધ અભિજીત મુહૂર્તની રચના કરેલી છે. આ ત્રણ વણજોયાં અતિ શુભ મુહૂર્તોની તિથિ એટલે વસંત પંચમી, અક્ષય તૃતીયા અને અષાઢી બીજ. તેમાંય વળી ધનની અધિષ્ઠાત્રી દેવી મા લક્ષ્મીની કૃપા માટે અક્ષય તૃતીયાને શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

તેવી જ રીતે બીજો શ્રેષ્ઠ દિન એટલે વૈશાખ સુદ પાંચમ. અર્થાત્ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યજીનો જન્મદિન. જેમણે વૈદિક ધર્મનું પુનરુત્થાન કરેલ છે. તેમના મહાન કાર્યને અંજલિ આપવા વૈશાખ સુદ ૩ થી સુદ ૫ સુધી સળંગ ત્રણ દિવસનો પ્રાણ પ્રતિષ્ઠા વિધિનો પ્રસંગ યોજાયો.

વૈશાખ સુદ ત્રીજના દિવસે માતાજીની ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. વિક્રમ સંવત ૧૯૫૬ વૈશાખ સુદ પાંચમના રોજ વિદ્વાન શાસ્ત્રીઓ દ્વારા સમસ્ત શ્રીગૌડ જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં શતચંડી યજ્ઞ સંપન્ન કરી નવનિર્મિત મંદિરમાં મહાલક્ષ્મી માતાજીને સ્થાપિત કરાવી શ્રી ડાહ્યારામ મયારામ પંડ્યાએ ધન્યતા અનુભવી.

આ શુભ પ્રસંગે પ્રતિષ્ઠાના સમય દરમ્યાન પ્રથમ દિવસે સમસ્ત સાડત્રીસને ઘીનું જમણ તથા બીજા દિવસે છ મણના લાડુ સાથે ખેડાના સમસ્ત બ્રાહ્મણોને જમણ આપવામાં આવેલ હતું. તે સમયે ૨૬ રૂપિયે મણના ભાવના આઠ મણ ઘી બે દિવસમાં વાપરવામાં આવેલું તથા એક મણ ઘી માતાજીના યજ્ઞકાર્યમાં વપરાયેલું તેવા ઉલ્લેખ હિસાબના જૂના ચોપડામાંથી જાણવા મળે છે. હાલ પણ પ્રતિ વર્ષ વૈશાખ સુદ પાંચમના રોજ શ્રી માતાજી સન્મુખ નવચંડી યજ્ઞ તથા જ્ઞાતિભાઈઓનું સમૂહ ભોજન થાય છે. વૈશાખ સુદ પાંચમ તથા આસો સુદ આઠમ ના રોજ શ્રી માતાજીની રાજોપચાર પૂજાવિધિ તેમજ નવચંડી યજ્ઞ જ્ઞાતિજનો દ્વારા થાય છે, જે સર્વેને સુવિદિત છે.

શ્રીગૌડ સમાજમાં શ્રી ઉપાસના મુખ્ય છે. માતાજી તેમની ઉપર પ્રસન્ન થાય છે. જે લોકોને પરિશ્રમ વેઠી લક્ષ્મી એકત્રિત કરી હોય અને તેનો પોતાની જ્ઞાતિના કલ્યાણ માટે સદુપયોગ કર્યો હોય આવો નરવીર જ પોતાની કીર્તિનો અમરદીપ મુકી જાય છે.

હાલ જ્યાં મંદિર છે તેની બાજુમાં જ આવેલી ભાગીયાની ખડકીમાં રહેતા શ્રી ડાહ્યારામ મયારામ પંડ્યા (જેઓશ્રી નટવરલાલ શિવલાલ પંડ્યા અને શ્રી મનહરલાલ શિવલાલ પંડ્યાના પૂર્વજ થાય) એ સ્વ પ્રેરણા અને શ્રી પ્રત્યેનો અનન્ય ભાવથી પ્રેરાઈ પોતાની સર્વ સંપત્તિ ખર્ચીને માતાજીનું મંદિર બહુજન હિતાય બહુજન સુખાયની ઉદાત્ત ભાવનાથી સ્થાપી ધન્ય થઈ ગયા. શ્રીગૌડ સમાજે પણ આ શ્રીગૌડ શિરોમણી નવરત્ન શ્રી ડાહ્યારામ મયારામ પંડ્યાનું અભૂતપૂર્વ સન્માન કરેલ હતું.

**ISO 9001 : 2015 CERTIFIED**

# Donald Kids

**Nursery, Junior KG, Senior KG**

(English, ગુજરાતી Medium)










## Managing Committee

- Mrs. Smita Joshi
- Mrs. Bhagyashree Joshi

**Opp. Yash Complex, Nr. Pushpam Society,**
**Opp. Shivam Party Plot, Gotri, Vadodara.**

# દેવી મહાલક્ષ્મીજીનું મંદિર, મધવાસ

મધવાસ, મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં ઉત્તરે પવિત્ર મહિસાગરના તટે વસેલું સુંદર ગામ છે. પુરાણકાળમાં કાશીક્ષેત્ર વિદ્યાભ્યાસ માટે પ્રચલિત હતું તેમ મધવાસ પણ શ્રીગૌડ જ્ઞાતિના બ્રાહ્મણ વિદ્વાનોથી પ્રચલિત હતું. શ્રીગૌડ જ્ઞાતિના કુળદેવી પરબ્રહ્મ સ્વરૂપિનિ દેવી મહાલક્ષ્મીજીનું મંદિર, મધવાસ ગામમાં સ્થાપિત છે. મધવાસ ખાતે શ્રી પરિવારો વધુ પ્રમાણમાં વસતા હતાં. એવું કહેવાય છે કે મધવાસ શ્રીગૌડોની ગાદી ગણાતી. સમાજના વાર્ષિક મેળાવડાઓ મધવાસ ખાતે યોજાતાં હતાં.

શ્રી મહાલક્ષ્મી માતાજીની પ્રેરણાથી ટીમ સમર્પણ અને ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૫ માં કુળદેવી મહાલક્ષ્મી મંદિરનું નવીનીકરણ કરવામાં આવ્યું. તેમાં શ્રીબંધુઓનો ખૂબ જ ઉમળકાથી સહયોગ મળેલ છે. આ સહયોગથી ઘણી પ્રવૃત્તિઓ દ્વારા મંદિર પરિસરને ધમધમતું બનાવ્યું છે. સૌ વ્યવસ્થાપકોને અવિરત પ્રેરણા મળતી રહે છે.

શ્રીબંધુઓના સહકારથી મંદિર પરિસરમાં સુવિધાઓ ઉભી થઈ. ધર્મિષ્ઠો નિયમિત મા મહાલક્ષ્મીના દર્શન કરી પાવન થાય છે. શ્રીનિવાસમાં રાત્રિ રોકાણ, વિશ્રામ કે ભોજન માટે અનુકુળતા વધે તેમ જ દૂર દૂર વસતાં મધવાસના વતનીઓ વતનની માટીની મહેંક માણી શકે અને નવી પેઢીને વતનનો પરિચય અવારનવાર થાય તે માટે શ્રી પરિવારોના સહકારથી ધર્મશાળાનું પણ જીર્ણોધ્ધાર કરવાનું શરૂ કરવામાં આવ્યું. શ્રી નિવાસ (યાત્રી નિવાસ)નો ગ્રાઉન્ડ ફ્લોર ઉપયોગ કરવા માટે તૈયાર થઈ ગયો છે. શ્રી નિવાસમાં રાત્રિ રોકાણ કરી શકાય તે માટે કિચન, ફર્નિચર બેડ - કબાટની, ટીવી ની વ્યવસ્થા કરવામાં આવી છે. લગભગ દસેક યાત્રાળુઓ રહી શકે એવી વ્યવસ્થા કરાઈ છે.



વધુ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે શ્રી નિવાસના પ્રથમ માળનું બાંધકામ કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં અડધી કામગીરી પૂરી કરી દેવામાં આવી છે. ઈલેક્ટ્રિક, બાથરૂમ ફિટીંગ, કિચન કલરકામ, ફર્નિચર વગેરે જેવું આશરે સાત લાખ રૂપિયાનું કામ બાકી છે. આમાં સહયોગ આવકાર્ય છે.

શ્રી પરિવારો વતનમાં ધાર્મિક પ્રસંગો ઉજવવાનો લ્હાવો લઈ શકે તે માટે તાજેતરમાં જ ટ્રસ્ટ દ્વારા યજ્ઞશાળાની વધુ એક સુવિધા ઉભી કરવામાં આવી છે. યજ્ઞશાળાની નવતર સુવિધાને લીધે આજે ઘણા શ્રી પરિવારો મધવાસ ખાતે ધાર્મિક પ્રસંગો ઉજવી રહ્યા છે.





મંદિર પરિસરમાં વધુ સુવિધાઓ જેવી કે વોટર કુલર, આર.ઓ. પ્લાન્ટ, શેડ, ફોટો ગેલેરી, ખુરશીઓની સુવિધા ઉભી કરવામાં આવનાર છે.

ટ્રસ્ટ દ્વારા સર્વે શ્રી બંધુઓને યજ્ઞશાળામાં યજ્ઞ/પૂજાનું આયોજન કરવા મંદિર પરિસરમાં કુળદેવીના સાનિધ્યમાં સામાજિક પ્રસંગોનું આયોજન કરવા અને 'શ્રીનિવાસ' ની મુલાકાત માટે આમંત્રણ આપીએ છીએ. મધવાસ ખાતે આવેલ કુળદેવી શ્રી મહાલક્ષ્મી માતાજીના કેમ્પસમાં યજ્ઞોપવિત, સમાજિક, ધાર્મિક પ્રસંગોનુ આયોજન કરવા માટે મંદિર ટ્રસ્ટ તરફથી કેટરિંગ અને ડેકોરેટર વગેરેનું માર્ગદર્શન આપવામાં આવે છે. જ્યારે તમે મધવાસની મુલાકાત લો છો, ત્યારે તમારા પૂર્વજોના ઘરની મુલાકાત લેવાનું ભૂલશો નહીં.

# સહયોગ માટે બેંક ની વિગતો.

**Madhvas Mandir (online donation ) Account details are as follows .**

A/C name : Mahalaxmi Mataji Nu Mandir Ane Dharmshala.

A/C No. 62950100003196

Bank : Bank of Baroda

Branch: Lunawada

District : Mahisagar

IFSC : BARBOVJLUNA

(અહી પાંચમો અક્ષર અંક શૂન્ય ઝીરો છે, બાકી ના બધા અક્ષર છે )


MICR : 389012064

**શ્રી મહાલક્ષ્મી માતાજીનું મંદિર અને ધર્મશાળા ટ્રસ્ટ, મધવાસના સૌજન્યથી.**


DAVE & DAVE
THE TRAVEL PLANNER
Dave & Dave - The Travel Planner
By - Jayu N Dave
Travel with Us
customized your travel plan
Destinations
ઉત્તર ભારત
દક્ષિણ ભારત
ગુજરાત
રાજસ્થાન
ગોવા
આંદામાન ટાપુ
મધ્યપ્રદેશ
ઉત્તર પ્રદેશ
દુબઈ
થાઈલેન્ડ
બાલી
વિયેતનામ
સિંગાપુર
મલેશિયા
Services
• એર ટિકિટ
• હોટેલ બુકિંગ
• કેબ બુકિંગ
• સંપૂર્ણ પેકેજ
• વિઝા સાથે સંપૂર્ણ પેકેજ
Inclusion
• એરપોર્ટ પિકઅપ ડ્રોપ
• જોવાલાયક સ્થળો
• પસંદગીની હોટેલમાં રોકાવું
• નાસ્તો અને રાત્રિભોજન
• સ્થાન ટ્રાન્સફર, જો કોઈ હોય તો
Book Now
Ms.Jayu N Dave
+91-85110 19719
S G highway,Ahmedabad,India
dave_dave_travel_planner

# સિદ્ધિ-સોપાન





૧) તંત્રીશ્રી રાજેશ પંડ્યા "રાજ"ને શબ્દ શણગાર પ્રતિયોગિતા પરિવાર અંતર્ગત, "સંગત" વિષય ઉપર ગદ્ય લેખન સ્પર્ધામાં સર્વ શ્રેષ્ઠ વિજેતા કૃતિ આલેખન કરવા બદલ વિજેતા ઘોષિત કરવામાં આવેલ છે. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત એમને અભિનંદન આપે છે






૨) રાજેશ શુકલ,ભરૂચના ખૂબ જ ટેલેન્ટેડ પુત્ર ચિં દેવ સંગીતમાં વિષય-ગાયનમાં વિશારદ તરીકે પ્રથમ શ્રેણીમાં પાસ થયો છે. ચિં દેવ શ્રીગૌડ સમાજનું ગૌરવ કહેવાય એવી સુંદર સિંગર પ્રતિભા ધરાવે છે.સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત એમને અભિનંદન આપે છે

૩) ચિં વૃંદા ઉપાધ્યાય શ્રી જયેશભાઈ ઠાકોરભાઈ શુક્લ ભરૂચ/ વડોદરાની સુપુત્રી ને કેનેડામાં બ્રેમ્પટન ઓન્ટારિઓ દ્વારા આર્ટસ એન્કલેમ ૨૦૨૩ એવોર્ડ રોઝ થિયેટર ખાતે બ્રેમ્પટનના મેયર પેટ્રિક બ્રાઉનના હસ્તે આપવામાં આવેલ છે. જેના દ્વારા કેનેડામાં ગુજરાતી કોમ્યુનિટીનું ગૌરવ એમણે વધાર્યુ છે. આ એવોર્ડ આપણા ગુજરાતી કલા એવોર્ડ સમાન ગણાય જે વિદેશમાં મેળવવો એ એક શ્રીગૌડ સમાજનું ગૌરવ ગણાય. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને અભિનંદન આપે છે








૪) ડો. પ્રિતેશભાઈ શુકલને આયુર્વેદ ક્ષેત્રે વિશેષતા પ્રદાન કરવા બદલ,ચરક જયંતિ દિવસે આ એવોર્ડ, દક્ષિણ ગુજરાત વિસ્તાર માટે આપવામાં આવ્યો છે. આ એવોર્ડ ચરક જયંતિ ઉપર કોઈ એક ને આપવામાં આવે છે. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત એમને અભિનંદન આપે છે

# સિદ્ધિ-સોપાન

૫) આપણા શ્રીગૌડ સમાજના શ્રી જુગલ ડી પુરોહિત,રાજપીપળાને એમની નિષ્ઠાપૂર્વકની કામગીરી બદલ પ્રેસિડેન્ટ રાષ્ટ્રપતિ એવોર્ડ માટે સન્માનિત કરવા પસંદગી કરાઈ છે. શ્રી જુગલભાઈને આ અગાઉ અનેક પોલીસ સન્માન મળેલા છે. એમના ઉચ્ચ સંસ્કારો પાછળ માતા રમાબેન જે પગે વિકલાંગ છે પણ અત્યંત પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવે છે એમનો ઉત્તમ ફાળો છે. એમના સ્વર્ગસ્થ પિતા ધનવંતભાઈના પૂરા આશીર્વાદ એમની સાથે રહેલા દેખાય છે. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત એમને ખૂબ ખૂબ અભિનંદન આપે છે




૬) લલિબા પરિવારનું ઉત્કૃષ્ટ ગૌરવ.
બાળકથાકાર શાસ્ત્રી ચિ. હેત પાઠક ને સગૌરવ અભિનંદન.
ઉપરોક્ત છબીમાં દ્રશ્યમાન વ્યાસપીઠને શોભાવનાર ચિ. હેત મેહુલ કુમાર પાઠક લલિબા પરિવારના સ્વ.શ્રી ગિરીશભાઇ (ગોપાલ ભાઇ) હરિપ્રસાદ દવેના દોહિત્ર ( દીકરી પ્રીતિબેન ના ભાણા ) છે. ચિ.હેત ડભાણ (નડિયાદ)ની વિખ્યાત સંસ્કૃત પાઠશાળામાં વેદાધ્યયન ,જ્યોતિષ અને કર્મકાંડનો અભ્યાસ કરે છે. ચિ. હેતને ખ્યાતિપ્રાપ્ત કથાકારોના ભગવદ સત્સંગથી અને પાઠશાળાના અધ્યાપકોની પ્રેરણાથી વ્યાસપીઠ ઉપરથી ભગવદ કથાનું પારાયણ કરવાની ઉત્તમ તક મળી છે. આ પ્રશસ્ય પ્રવૃત્તિ માટે બાળકથાકાર શાસ્ત્રીજી ''હેત પાઠકજી'' ને સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત અભિનંદન આપે છે



૭) CA વ્યોમેશભાઈએ નંબરોલોજી ક્ષેત્રે સારું પ્રદાન કર્યું છે. એમની youtube ચેનલમાં 5000 ઉપર સબસ્કાઈબર છે. શ્રીગૌડ સમાજ માટે પણ એમણે હમણાં આ જ વરસમાં વર્કશોપનું સફળ આયોજન કર્યું હતું. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને અભિનંદન આપે છે



# સિદ્ધિ-સોપાન

૮) દેવાંશીબેન જોષી, કાલોલ/ બેંગલોર નો મેસેજ છે. પૂસ્તક વિમોચન અને પ્રસારિત થયું છે.

**પુસ્તક વિમોચન - યંગ હાટ્ર્સ , વાઇસ માઈન્ડસ**



પત્રકાર અને લેખિકા દેવાંશી વિપુલભાઈ જોષી દ્વારા લખાયેલ પુસ્તક “યંગ હાટ્ર્સ, વાઈસ માઈન્ડ્સ”નું વિમોચન બેંગ્લોરમાં બાલસાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા લેખિકા દેવિકા કરિઅપ્પા દ્વારા કરવામાં આવ્યું હતું.

‘યંગ હાટ્ર્સ, વાઈસ માઈન્ડ્સ’ બાળકોને જીવનના મહત્વપૂર્ણ પાઠ શીખવવા માટે રચાયેલ વાસ્તવિક જીવનની વાર્તાઓનો મનમોહક સંગ્રહ છે. મૂલ્યોનો સંચાર કરવા માટે વાર્તા કહેવાની શક્તિમાં દેવાંશીની અતૂટ માન્યતા પુસ્તકના સમગ્ર પૃષ્ઠો પર ગહનપણે પડઘો પાડે છે. પુસ્તક ના અદભુત લખાણ અને મૌલિક ચિત્રો એ બાળકો, માતાપિતા, શિક્ષણવિદો અને લેખકો સૌ તરફથી ઉત્તમ પ્રશંસા મેળવી છે.

દેવાંશી જણાવે છે કે - વાર્તાઓ બાળકો ના ચરિત્ર ઘડતર માં ઊંડો ભાગ ભજવે છે. બાળકો ને જીવનના મૂલ્યો જયારે વાર્તાઓ દ્વારા શીખવવામાં આવે છે ત્યારે તે મૂલ્યો તેમના વ્યક્તિત્વમાં પ્રસ્થાપિત થાય છે. આ પુસ્તક માતા-પિતા અને બાળકો વચ્ચે અર્થપૂર્ણ સંવાદને ઉત્તેજન આપવા, પ્રેમ અને સ્થિતિસ્થાપકતા જેવા સ્થાયી મૂલ્યો પ્રસ્થાપિત કરવા માટે નું ઉત્તમ માધ્યમ છે. સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત એમને અભિનંદન પાઠવે છે.

૯) હાસ્ય કલાકારદિવાકર શુકલની રાજસ્થાન ખાતે ઉડાન



હવે ગુજરાત બહાર પણ જેમના હાસ્ય ની ખુશ્બુ પ્રસરી રહી છે એવા ગૉધરાના ગૌરવ સમા રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષક અને હાસ્ય કલાકાર એવા દિવાકર શુકલ દ્વારા તાજેતરમાં એકલીંગજી,રાજસ્થાન ખાતે સવારે કથાકાર અને રાત્રે કલાકાર અંતર્ગત રાત્રિ ના ૯ થી ૧૧ સતત ૨ કલાક સુધી હાસ્ય ની રમઝટ બોલાવવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૩માં ઈ. ટીવી ગુજરાતી પર સૌપ્રથમ હાસ્ય કાર્યક્રમ રજૂ કરી, સંદેશ હાસ્ય હંગામા વડોદરા થી માંડીને અમદાવાદ હૉલ, હૉટલ અને હવેલી થી લઈને ઝી ગુજરાતી, જીટીપીએલ તથા દુરદર્શન તમામ ચેનલ પર સ્ટેન્ડ અપ કૉમેડી કાર્યૅક્મ આપી ચુકયા છે. સમસ્ત શ્રી ગૌડ સમાજ ગુજરાત અભિનંદન પાઠવે છે.



(૧૦) ડૉ. પ્રશાંતકુમાર પ્રદ્યુમનભાઈ જોષી, નડિયાદ હાલ અમદાવાદની પુત્રી ચિ. ધૃવી પ્રશાંત જોષીએ યુ.કે. , રોયલ હોલોવે યુનિવર્સિટી ઓફ લંડન થી માસ્ટર્સ ઈન આર્ટિફીસીયલ ઈન્ટેલિજન્સ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત તેમને અભિનંદન આપે છે

ટ્રસ્ટ રજી. નં. ઈ–૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

ફોન : ૦૭૯–૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

V
V.M.B.
Estd. 1995

॥ શ્રી ગણેશાય નમઃ ॥

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ,
અમદાવાદ સંચાલિત



# વિધાતા મેરેજ બ્યુરો

૧૯૯૫ થી અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ,
ડીગ્રીધારક, મેડીકલ, એન્જિનિયરિંગના ઉચ્ચ શિક્ષિત ભારતના,
વિદેશના એન.આર.આઈ. માટેના જીવનસાથી પાત્રો
૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા

**અપરણિત, છૂટાછેડા, વિધવા, વિધુર, સિનીયર સીટીઝન**
**સફેદદાગ, વિકલાંગ, શારીરિક ક્ષતિ, મુકબધિર, પ્રજ્ઞાચક્ષુ**
**એચ.આઈ.વી., એન.આર.આઈ. યુવક–યુવતિના લાયક**
**અને યોગ્ય જીવનસાથી પાત્રોની**
**આપની પસંદગી મુજબ ઈચ્છાનુસાર મેરેજ ન થાય**
**ત્યાં સુધી કોન્ટેક્ટ કરાવી આપવામાં આવે છે.**

**૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે,**
**વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**

**સમય : ૧૦ થી ૮, રવિવારે ૧૦ થી ૧, જાહેર રજાએ ચાલુ.**

Website : http://www.vidhatamarraige.com
Email : contact@vidhatamarriage.com

લગ્ન સ્વર્ગમાંથી રચાય છે, તેમની જોડી 'વિધાતા' યોગ્ય સમયે મેળવી આપે છે,
તેમાં પુરૂષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની વિધાતા પણ છૂટ આપે છે.

**હસમુખ જોષી**
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

**દિના જોષી**
M.A.,LL.B.
મેનેજર

# સમાચાર સંચય

૧) મહાલક્ષ્મીજી મંદિર, મધવાસ(લુણાવાડા) ખાતે ભાદરવા સુદ નોમ ( અખો નોમ ) ૧૨/૯/૨૦૨૪ના દિવસે માતાજીની મહા પૂજા, નવચંડી યજ્ઞ, હવનનું આયોજન કરેલ હતું.

૨) મહાલક્ષ્મી મંદિર, કાલોલ ખાતે ભાદરવા સુદ નોમ, આ વરસે ૧૨/૯/૨૦૨૪ ના દિવસે માતાજીની મહાપૂજા, નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું, દર વરસે આવું ધાર્મિક આયોજન કરવામાં આવે છે.

૩) મહાલક્ષ્મી મંદિર,ખેડા માં આસો સુદ આઠમ અને વૈશાખ સુદ પાંચમના રોજ નવચંડી યજ્ઞનું દર વરસે આયોજન થાય છે.

૪) મહાલક્ષ્મી મંદિર, કાવિઠા માં આસો સુદ નોમ ના રોજ હવન અને પોષ સુદ છઠ્ઠના રોજ નવચંડી યજ્ઞ નું આયોજન કરાય છે.

૫) મહાલક્ષ્મી મંદિર, મહુધા માં આસો સુદ નોમ અને આસો સુદ પુનમ ( શરદ પૂનમ )ના રોજ નવચંડી યજ્ઞનું આયોજન થાય છે.

૬) મહાલક્ષ્મી ધામ,શહેરા માં ભાદરવા સુદ ચૌદશ ( અનંત ચૌદશ) ના રોજ નવચંડી યજ્ઞનું આયોજન દર વરસે થાય છે. આ વરસે ૧૭/૯/૨૦૨૪ ના રોજ આ ધાર્મિક આયોજન રાખેલું હતું. મંદિર ઘણું ઉત્તમ બની રહ્યું છે.

૭) ગોધરામાં શાસ્ત્રી શ્રી સંદિપ શુકલની વાણીમાં શિવપુરાણ કથાનો આરંભ



ગોધરામાં શાસ્ત્રી શ્રી સંદિપ શુક્લની વાણીમાં શિવપુરાણ કથાનો આરંભ ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા (ગોધરા એકમ) દ્વારા શિવપુરાણ કથાનો શાસ્ત્રી શ્રી સંદિપભાઈ શુક્લ દ્વારા ૨૮ જુલાઈથી આરંભ કરાતા લગભગ બે કલાક સુધી શિવપુરાણ કથાના મહિમાનું રસપાન કરાવાતા ગોધરા એકમના પ્રમુખ ભાવેશભાઈ જોશીએ શિવ ધૂનની રમઝટ બોલાવી હતી.

૮) સ્મિત કકુલ પાઠક તેઓ KJIT,સાવલી માંથી બી.ઈ.ઈન આઈ.ટી., ડીસ્ટીંકશન માર્ક સાથે પાસ કરેલ છે



# શિવ શરણ કેવલમ

સેવા માની લેજો શંકર શરણું તમારું દેજો રે.
ભાવ ધરીને હુ તો ભજુ તને ભોળા ભક્તિ અચળ તમે ભરજો રે.
ઝેર જીલીને જગત સાચવ્યું, દેવોને અમૃત આપ્યા રે
ભાવ ધરીને હું તો ભજુ તને ભોળા.... સેવા... (૧)
ભીલીડી મા મન મ્હોયા શંકર સતીના પારખા લીધા રે
ભાવ ધરીને હું તો ભજુ તને ભોળા... સેવા...(૨)
જટા પછાડી વીરભદ્ર પ્રગટાવ્યા, દક્ષના માથા વાઢયા રે.
ભાવ ધરીને હું તો ભજુ તને ભોળા... સેવા...(૩)
સતીના દેહને ખભે નાખી ત્રણેય લોકમાં ફર્યા રે
ભાવ ધરીને હું તો ભજુ તને ભોળા... સેવા... (૪)
મેનાવતીને શુભ રૂપ બતાવ્યું પાર્વતી પરણી આવ્યા રે
ભાવ ધરીને હું તો ભજુ તને ભોળા.. સેવા ... (૫)
કબૂતરનું જોડું અમર બન્યું શુક દેવને કોખે ઘાલ્યા રે
ભાવ ધરીને હું તો ભજુ તને ભોળા... સેવા..(૬)
માહિષાસુરને માર્યો ત્યારે, દેવીનો ક્રોધ તમે ઠારીયો રે
ભાવ ધરીને હું તો ભજુ તને ભોળા... સેવા (૭)
શિવ તમારી કથા નિરાળી, પ્રેમેગાય નરનારી રે.
ભાવ ધરીને હું તો ભજુ તને ભોળા... સેવા (૮)
કૈલાસ મા પ્રભુ વાસ કરાવો છૂટે પીડા અમારી રે,
ભાવ ધરીને હું તો ભજુ તને ભોળા... સેવા (૯)
સેવા માની લેજો શંકર શરણું તમારું દેજો રે,
ભાવ ધરીને હું તો ભજુ તને ભોળા ભક્તિ અચળ તમે ભરજો રે.



– ચિંતલ જોષી
શ્રી શિવાર્પણમસ્તુ

# CONGRATULATIONS

# &

# BEST WISHES TO ALL

# " SHREE "

# STUDENTS WHO ARE

# NOW ON THEIR PATH OF

# BRIGHT CAREER.

**-VATSALYA PANKAJ SHUKLA**

[M.S.- (ENVIRONMENT SCIENCE) FROM USA.]

**-DR.DHWANIL PANKAJ SHUKLA**

[ B.TECH. FROM I.I.T. ; PH.D FROM USA]

**-DR.SHUBHANGI DHWANIL SHUKLA**

[ B.TECH. FROM I.I.T ; PH.D. FROM USA]

**PANKAJ SHUKLA**

B.E. (Textile)

# ગણેશ વંદના

દુંદાળા કહે કોઈ કહે તમને સૂંઢાળા, મને તો લાગો પ્રભુ તમે તો રૂપાળા.
સૂપડાં જેવા કાન ભલે રહ્યા તમારા, અવગુણ તોય કાને તમે ધરો નહીં અમારા.

ઝીણાં ઝીણાં નયન ભલે રહ્યાં તમારા, શોધી શોધી દુઃખ દૂર કરો તમે અમારાં.
મોટા મોટા ઉદર ભલે રહ્યાં તમારા, હજમ કરો તમે બધા પાપ અમારાં.

મૂષક પર સવારી તમે તો કરનારા, મુકામ કરો આજે તમે ઘેર અમારાં.
વિઘ્નહર્તા સ્વરૂપે પધારો ને સૂંઢાળા, આશિષ અમ પર વરસાવો ને તમારાં.

દુઃખહર્તા સુખકર્તા તમે તો દુંદાળા, રિધ્ધિ સિધ્ધિની વર્ષા તમે કરનારાં.
શ્રીગણેશ પ્રભુજી સૌનાં તમે વહાલાં, 'સુવાસ' ગાય પ્રેમથી ભજન તમારા.

દુંદાળા કહે કોઈ કહે તમને સૂંઢાળા, મને તો લાગો પ્રભુ તમે તો રૂપાળા.

ક્રિષ્ણા શુક્લ - સુવાસ
સાણંદ



# મંગલકામના

જેના ભાલપ્રદેશે શશાંક ચમકે, શોભે ગંગા શીશપે,
ઉમા મુખ દીપે, સોહે વાઘામ્બર કટિબંધ શે,
અંગે ભસ્મ ને કરે ડમરુ, ત્રિશુલ ઊભું હસ્તમાં
રુદ્રાક્ષ માળા ને રુદ્રી જિહવે, સદાય ગુંજે હ્દયમાં,
અક્ષર પુરુષરત્ન પામો સ્વસ્થ દીર્ઘાયુ પ્રાર્થું પ્રેમથી,
પ્રેમે પૂજું અપી બિલીપત્ર ત્રિદલ ભક્તિભાવ ને સ્નેહથી

**ક્ષમાયાચના**

સ્વીકારજો મુજ પત્ર - પુષ્પને અર્પજો અમને દિલથી,
ક્ષતિ થઈ હોય કંઈ અમથી, માફ કરજો આપ દિલથી.

શ્રી વિજયભાઈ પુરોહિત, અમદાવાદ.
ભૂતપૂર્વ તંત્રીશ્રી, શ્રીગૌડ જાગૃતિ



# સુગરી માળો

બાવળની કે કાંટાળી પસંદ કરી છે ડાળ,
અતિ સુંદર ચાતુર્ય ભર્યા ગૂંથ્યા છે તેમાં બે માળ!
વાસ્તુશાસ્ત્રમાં બની નિપુણ લીધી ઉત્તમ સામગ્રી
પ્રવીણ નર ને છે માળો માંડવાની તાલાવેલી...
સુંદર સુઘડ ને ઉત્તમ હોય જો તેની ગૂંથણી!
તો જ મળે છે તેને મનગમતી નાર!
સાંકડું ભલે છે દ્વાર ! ભવ્ય છે અંદર ઘરબાર.
હવા ઉજાસ ને બચ્ચા માટે છે, સુરક્ષિત ઘરબાર.
અદભુત છે કુદરત તારી આ કરામત.


માલિની જોષી પાઠક



# શિવશંભુ

શોભે ભાલે ચંદ્ર, કંઠે રૂંદમાળા, હાથે ડમરૂ, ત્રિશૂલ ધારી.
એ તો મારો શિવશંભો, ગૌરીપતિ, ભોલેનાથ.
ઝીલાય ગંગા એની જટાઓએ, કહેવાયો એ જટાધારી.
નમે દેવ -દાનવ ચરણે એના માનવ જીવન જાય વારી.
ગાતાં ન પાર આવે ગુણગાન મારા ભોળાના,
એવો એ તો દેવોનો દેવ મહાદેવ.
સદાય ભજું તને ભાવે મારા શિવશંભુ.

યામિનીબેન ત્રિવેદી





# રોહિત દવે

Ex-Manager, GSFC Ltd., Baroda
- આંતરરાષ્ટ્રીય મોટીવેશનલ સ્પીકર અને સોફ્ટ સ્કીલ ટ્રેનર.
- કી નોટ સ્પીકર - કોર્પોરેટ, ક્લબસ (લાયન્સ,રોટરી), મેનેજમેન્ટ એસોશીએશન, કોલેજ, સ્કૂલ, ગ્રૂપ ઓફ સિનિયર સિટીજન એન્ડ વુમન, NGO,(ભારત એન્ડ યુરોપ)
- અમેઝોન બેસ્ટ સેલર લેખક. - ડ્રામા એન્ડ ફિલ્મ કલાકાર.
- સ્ટાર્ટ અપ કોચ એન્ડ એક્સપર્ટ. - પ્રોડકટીવિટી કોચ.
- હેબિટ કોચ. - કોર્પોરેટ ટ્રેનર - માર્કેટિંગ એન્ડ સેલ્સ.
- આધ્યાત્મિક એન્ડ પ્રેરણાત્મક કથાકાર.

**મુખ્ય વિષયો :**

- સુખી થવું સહેલું છે. - કમનસીબ કોઇ નથી. - નારી તું નારાયણી. - ધનવાન થવું સહેલું છે.

- સેલ્ફ ડેવલપમેન્ટ. - સફળ લોકોની સારી આદત. - કૉલેજ ટુ કોર્પોરેટ. - કેરિયર ગ્રોથ.

- નોકરી અથવા બીજનેસ. - માર્કેટિંગ એન્ડ સેલ્સ. - સ્ટાર્ટ અપ કઈ રીતે ચાલુ કરાય?

- બોર્ડની પરીક્ષા ની તૈયારી. - હનુમાન ચાલીસા, ભગવદ ગીતા, રામાયણ, માથી જીવન ના પાઠ

**Contact - 786 299 34 33 | email : rohitbdave52@gmail.com**

---

**M : 8320824852**

## ડો. કોકિલ દવે

એમ.બી.ડી.જી.ઓ.
(પ્રસુતિ અને સ્ત્રીરોગ નિષ્ણાંત)

# રિદ્ધિ હોસ્પિટલ

**પ્રસુતિગૃહ, નર્સિંગ હોમ, સોનોગ્રાફી ક્લિનીક તથા લેપ્રોસ્કોપીક સેન્ટર**

રિદ્ધિ હોસ્પિટલ રોડ, બુટભવાની મંદિર પાસે, ટીજીબી ના ખાંચામાં, વેજલપુર, અમદાવાદ – ૫૧

સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

**ઇમરજન્સી કેસ માટે ૨૪ કલાક**

**ઉપલબ્ધ સુવિધાઓ :** (૧) પ્રસુતિગૃહ–દરેક પ્રકારની સુવાવડની સગવડ (૨) પેઈનલેસડીલીવરી (દર્દ રહિત પ્રસુતિ) ની સગવડ (૩) સ્ત્રી રોગ નિદાન તથા સારવાર (૪) ગર્ભાશયનું ટાંકાવાળું, ટાંકા વગરનું તથા લેપ્રોસ્કોપીક ઓપરેશન (૫) વંધ્યત્વ નિવારણ કેન્દ્ર (૬) સરકાર માન્ય કુટુંબ નિયોજન તથા ગર્ભપાત કેન્દ્ર (૭) સોનોગ્રાફી ક્લિનીક (૮) લેપ્રોસ્કોપી સેન્ટર – દરેક પ્રકારના લેપ્રોસ્કોપીથી થતા ઓપરેશન

**મેડીક્લેઈમની સુવિધા ઉપલબ્ધ**

# આશા, નિરાશા



રાજેશ પંડ્યા 'રાજ', અમદાવાદ
(તંત્રીશ્રી) @( સ્વ..રચિત )
31/7/2024

"મમ્મી, તું ચિંતા ના કર. હું કાલે તારી પાસે આવું છું." પ્રકૃતિ બોલી.

એક ડુંસકા સિવાય નયનાબેન પાસે આનો જવાબ નહોતો. એમણે મોબાઈલ મૂકી દીધો અને પોક મૂકીને રડવા માંડયા.એકલા જ હતા, શાંત પડતાં વ્હીલચેર ને ઘસડી પાણી પીવા ગયાં.

નયનાબેનના જીવનના પાંત્રીસ વરસ પાછળ જઈએ.

નયનાબેનના પતિ વિશ્રામભાઈ સરકારી દવાખાનામાં ડોક્ટર હતાં. નજીકના એક ગામમાં રહેવાનું. નયનાબેન લગ્ન કરી આવ્યાં ત્યારે ઓછી સુવિધાઓએ જીવન શરૂ કર્યુ. સંસાર શરૂ કર્યો, લગ્ન જીવનના એક જ વરસમાં બે જોડિયા બાળકોનો જન્મ થયો. સુખેથી સંસાર ચાલતો હતો.

એક દિવસ શ્રાવણમાસમાં જન્માષ્ટમીના જ દિવસે  રાતે સરકારી કવાટર્સ પાછળ, એમણે કોઈ બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. ઊંઘમાંથી સફાળા બેઠા થઈ એ બહાર ગેલેરીમાં ગયાં તો કુતરાઓ એક નવજાત શિશુને મોંઢામાં નાંખી સામસામે ખેંચતા હતાં. નયનાબેને  દોડી અને બાળકને બચાવી લીધું. બાળકી હતી. વિશ્રામભાઈએ બાળકીને ઘવાઈ હોવાથી સારવાર આપી. પોલીસને જાણ કરી. પોલીસે અનાથાશ્રમ વાળાને પણ જાણ કરી. એક અઠવાડિયું હોસ્પિટલમાં રાખી. નયનાબેને આ ત્યજી દેવાયેલી બાળકીની આ સમયમાં મા કરતાં પણ વધુ કાળજી લીધી.

અનાથાશ્રમ વાળા બાળકીને લેવા માટે આવ્યાં. લીગલ કાર્યવાહી કરતાં હતાં એ દરમ્યાન નયનાબેન રોવા લાગ્યાં. અનાથાશ્રમના સભ્યો સમજી ગયાં, ત્યાં ને ત્યાં જ કાર્યવાહી પૂરી કરી બાળકીનુ નામ પ્રકૃતિ પાડી નયનાબેનને સોંપી દીધી. આજથી પ્રકૃતિ નયનાબેનની દીકરી બની ગઈ.

સમય પસાર થયો. વિશ્રામભાઈની નોકરીમાંથી બદલી થઈ. વિશ્રામભાઈ એક શહેર નજીક રહેવા આવ્યા. નયનાબેન ત્રણેય સંતાનોને સરખી રીતે જ ઉછેરે. પ્રકૃતિ પણ અંગ્રેજી માધ્યમમાં જ ભણી. બંને છોકરાઓ ડોક્ટર બન્યાં. પ્રકૃતિ સાયંન્ટિસ્ટ બની. એક દિવસ વિશ્રામભાઈને હાર્ટ એટેક આવતા,ઘરમાં જ એમનું અવસાન થયું. નયનાબેન એકલા પડી ગયાં.

બે વરસનો સમય પસાર થયો. બંને છોકરાઓ પ્રવીણ અને શોર્ય વચ્ચે લગ્ન બાદ ખટરાગ ચાલુ થયા હતાં. બંને અલગ અલગ રહેવા લાગ્યાં. પૈતૃક જમીન થકી બંને વચ્ચે એટલો મોટો વિવાદ થયો કે નયનાબેન સાવ એકલા પડી ગયાં. પ્રકૃતિ લગ્ન કરી બેંગ્લોર સ્થિર થઈ. એ દરમ્યાન પેરાલિસિસનો એટેક આવતા નયનાબેન પથારીવશ થઈ ગયાં. ઘરમાં ચોવીસ કલાકની નર્સ રાખવી પડી.

એક દિવસ નર્સને એક મહિના માટે, માતાનું અવસાન થતાં ગામડે જવાનું થયું. કોઈ બીજી નર્સ આવે નહિ. શહેરના સગા-વહાલાઓ પણ તોછડા સંબંધો. શહેરમાં ફ્લેટમાં કોઈ અવસાન પામે તો પડોશી બર્થ ડે પાટી મનાવતો હોય એવું જોવા મળે.

બંને દીકરાઓને, વહુઓને ફોન કર્યા કે એમની ઘેર રહેવા માટે લઈ જાવ. બંને વચ્ચે એટલી હુંસાતુંસી કે પરદેશ ફરવાના બહાનાઓ બતાવ્યાં. નયનાબેને એક આશા, એક અપેક્ષા સાથે  છેલ્લે સૌથી મોટી જવાબદારી નિભાવવાની

સાયંન્ટિસ્ટ તરીકે નોકરી કરતી પ્રકૃતિને ફોન કર્યો. પ્રકૃતિ તો પોતાની મા યશોદા માટે તરત જ તૈયાર જ હતી.

નયનાબેન આખી રાત રડતાં રહ્યાં. પોતાના પેટના જણ્યાઓ પર તિરસ્કાર કરતાં રહ્યાં. પોતાના છોકરાઓને શ્રાપ ઉપર શ્રાપ આપતાં રહ્યાં.

આજે આખી રાત તેમને એ પાંત્રીસ વરસ પહેલાની રાત યાદ આવી. કુતરાઓ પ્રકૃતિને ખાવા ખેંચતાણ કરતાં હતાં એ યાદ આવ્યું. પોતે અનાથાશ્રમ વાળા સામે રોઈ પડેલા એ યાદ આવ્યું.

સવાર થઈ. પ્રકૃતિ ફલાઈટમાં આવી. એક દિવસમાં બધો સર-સામાન ભેગો કરી, નયનાબેનને કાયમ માટે બેંગ્લોર લઇ ગઈ. નયનાબેનને ઉચ્ચ સારવાર આપી. નયનાબેન છ માસમાં પોતાનું કામ જાતે કરી શકે એવા થઈ ગયાં. નજીકના એક મંદિરે નયનાબેન રોજ જઈ અને પ્રકૃતિ માટે આશીર્વાદ માંગે. શિવજી, ગણેશજી, વ્યંકટેશ ભગવાનને પ્રકૃતિની રક્ષા,સારા જીવન માટે રોજ પ્રાર્થના કરે.

પાંચ વરસનો સમય આમને આમ પસાર થયો. ચિત્ર બદલાઈ ગયું. કુદરતનો ન્યાય ભરડો ફેલાવવા લાગ્યો.

પ્રવીણ એક સોનોગ્રાફી કેસમાં નામ બહાર આવતા કોર્ટના ચક્કર ફસાયો. પત્નીએ એને છોડી બીજા સાથે લગ્ન કરી લીધાં. શૌર્યનો છોકરો જન્મ જાત વિકલાંગ જન્મેલો હતો. શૌર્યએ શેરબજારમાં મોટું નૂકશાન જતાં એની હોસ્પિટલ ગીરવે મૂકી. ઘરમાં પત્ની સાથે રોજ મારામારીઓ કલહ કંકાસ ચાલુ થઇ ગયાં. પ્રવીણ અને શૌર્ય બંને ખેંચાયેલ જીવન પસાર કરી રહ્યાં છે.

સામે પ્રકૃતિના બંને બાળકો અનેક સ્પર્ધાઓમાં વિજેતાઓ થઈ પોતાની સ્કુલ અને પ્રકૃતિનું નામ રોશન કરે છે. પ્રકૃતિનો પતિ મિ. ઐયર પણ એક સાયંન્ટિસ્ટ છે, નોન ગુજરાતી છે પણ નયનાબેનને " અમ્મા.. અમ્મા " કરતાં થાકતો નથી. એક જ પ્રશ્ન અહિં થાય પૂર્વજન્મની લેણ-દેણ ઓળખવી હોય તો કેવી રીતે ?

**(લેખક-કવિ : રાજેશ પંડ્યા - રાજ (કલરવ સાહિત્ય ગ્રુપ))**

# ખુશીનું વૈદુ - રસાહાર અને આરોગ્ય

કોઈપણ રસપાન માટેનો શ્રેષ્ઠ સમય સવારે જ કહેવાય.

ગાજર રસ : સહેજ મીઠું નાંખેલ ગાજર રસ હાડકાની નબળાઈ દૂર કરી, કીડનીને તંદુરસ્તી બક્ષી, આંખોની દૃષ્ટિ સુધારી પૂરા શરીરને મજબૂત પોષણ આપે છે.. સહેજ નવશેકો રસ વધુ ગુણ કરે છે.

તાંદળજાનો રસ : કુકરમાં બાફી તૈયાર કરેલો સૂપ ટાઇપ તાંદળજાનો રસ શરીરમાં લોહીમાં ભળેલા વિજાતીય પદાર્થોને દૂર કરી, કબજિયાત દુર કરી નેત્રરોગમાં રાહત આપે છે. મોંઢામાં ચાંદી પડેલી હોય,આંતરડાની ગરમી હોય તો આ રસ ખૂબ ફાયદો કરે છે.

ઘઉના જ્વારાનો રસ: સાતેક દિવસ વાવેલા જ્વારામાં એટલા ઉચ્ચ તત્વો હોય છે કે એનો મૂળિયાં કાપીને કાઢેલો રસ, શરીરને મેગ્નેશિયમ, પ્રોટીન અને તમામ મિનરલ્સ, વિટામીનોની જરૂરિયાત પૂરી કરી, શરીરની રોગપ્રતિકારક શક્તિ ટકાવી રાખે છે.. ડાયાબિટીસના દર્દીઓએ એનો ઉપયોગ માફકસર અથવા નિષ્ણાંતની સલાહ મુજબ લેવો.

તુલસી રસ : રોજ મોટા પાંચ પાન તુલસી રસ તમને અનેક રોગોથી દુર રાખી શરીરને તંદુરસ્તી બક્ષે છે. વાયુ, કફ,પેશાબ અટકાવ,મલેરિયા જેવા રોગોમાં તેનો છૂટથી ઉપયોગ કરી શકાય.

કોથમીર રસ : સો ગ્રામ કોથમીરમાં ૧૧૦૦૦ એકમ વિટામિન A હોય છે.. જે તરત આંખોની ઘણી બધી ફરિયાદો અટકાવી દે છે.. એનો રસ અથવા ચટણી જો રોજ લેવામાં આવે તો ઘણી બધી સમસ્યાઓ દુર થઇ જાય છે.

# ખંભાત ખાતેની બેઠક નો અહેવાલ

સમસ્ત શ્રીગૌડ સમાજનું સંગઠન મજબૂત કરવા, નવા સભ્યો બનાવવા, સંસ્થાની પ્રવૃત્તિઓ સમાજના છેવાડાના ''શ્રી'' પરિવારો સુધી પહોંચાડવા અને તેઓની રજૂઆતો, મંતવ્યોનું આદાન પ્રદાન કરવા માટે સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના પ્રતિનિધિઓ અને ગુજરાતના જુદા જુદા શહેરો / ગામોમાં જઈને ત્યાંના શ્રી પરિવારો / શ્રી બંધુઓ / વડીલો અને સમાજના મંડળો સાથે સંવાદ બેઠકનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે અંતર્ગત શ્રી કમલેશભાઈ પાઠક, પ્રમુખશ્રી, સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના માર્ગદર્શન હેઠળ પ્રથમ બેઠક ખંભાત ખાતેના શ્રી બંધુઓ/ આગેવાનો / વડીલો સાથે ખંભાત ખાતે તા.૦૮/૦૯/૨૦૨૪, રવિવાર ભાદરવા સુદ પાંચમ ના રોજ શ્રી મિલિંદભાઈ શાસ્ત્રી અને સુશ્રી સુશીલાબેન જોષીના સહયોગથી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત તરફથી શ્રી જયંતભાઈ જોષી, શ્રી યોગેશભાઈ શુક્લ, શ્રી જિજ્ઞેશભાઈ પંડિત, શ્રી દિગીશભાઈ દવે, શ્રી ધ્રુવભાઈ શુક્લ અને ડૉ. પ્રશાંતભાઈ જોષી અને આણંદ ખાતેથી કારોબારી સભ્યો શ્રી ભરતભાઈ દવે અને શ્રી હેમંતભાઈ પુરોહિત હાજર રહ્યા હતાં. ખંભાત ખાતેથી શ્રી મિલિંદભાઈ શાસ્ત્રી, સુશ્રી સુશીલાબેન જોષી, શ્રી ડૉ. કમલેશભાઈ જોષી, શ્રી માર્તંડભાઈ પાઠક, શ્રી ભાર્ગવનાથ શુક્લ, શ્રી ભાવિનભાઈ ભટ્ટ, શ્રી રક્ષેશભાઈ જોષી શ્રી ધર્મેશભાઈ જોષી વગેરે આગેવાનો/ વડીલોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

બેઠકની શરૂઆત સભ્યોના પરિચયથી કરવામાં આવી. શ્રી યોગેશભાઈ શુક્લ, મંત્રીશ્રીએ સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી આપી અને બેઠકનો હેતુ જણાવ્યો. તેઓ તરફથી સકારાત્મક મંતવ્યો રજૂ કરવામાં આવ્યાં. શ્રી કમલેશભાઈ જોષીએ સંગઠન મજબૂત કરવા દરેક સેન્ટરો ઉપર શ્રી બંધુઓએ અઠવાડિયે/ પંદર દિવસે સમૂહમાં મળવું જોઈએ. જેથી એક્તા મજબૂત થશે, સમાજ માટે પરસ્પર વિચાર વિમર્શ કરી શકાશે. સમાજ સાથે સંકલન કરવા, સમાજની અને ત્યાંની માહિતીના સંકલન, પરસ્પર આપ લે કરવા માટે ખંભાત ખાતેના બે પ્રતિનિધિઓ (૧) શ્રી માર્તંડભાઈ પાઠક અને (૨) શ્રી ભાવિનભાઈ ભટ્ટ ને રાખવા દરખાસ્ત કરી હતી જેને સર્વ સંમતિથી સ્વીકારી લીધી હતી. સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના વોટ્સએપ ગૃપમાં જોડાવા માટે અપીલ કરી હતી. તે અનુસાર ખંભાત ખાતેના સભ્યોને એડ કરવા તેઓના નંબરો આપવા જણાવેલ છે. જેનાથી સંગઠન મજબૂત અને તેનો વ્યાપ વધારવા માં મદદરૂપ બનશે. તેમજ તા.૨૦/૧૦/૨૪ ના રોજ શરદોત્સવ નિમિત્તે યોજાનાર ગરબાના કાર્યક્રમની માહિતી આપી અને ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું. શરદોત્સવ નિમિત્તે શ્રી મિલિંદભાઈ શાસ્ત્રી તરફથી રૂ. ૧૧૦૦૦/- અને સુશ્રી સુશીલાબેન જોષી તરફથી રૂ. ૧૦,૦૦૦/- સહયોગ નોંધાવવામાં આવ્યો.

ડિરેક્ટરી બનાવવામાં સહકાર આપવા જણાવ્યું. તેઓએ ખંભાતના શ્રી પરિવારોની ડિરેક્ટરી બનાવેલ છે તે આપી છે. ડિરેક્ટરી માટે સાથ સહકાર આપશે. હેમંતભાઈ પુરોહિત આણંદ એ ડિજિટલ ડિરેક્ટરી માટે સૂચનો કરેલ છે અને માર્ગદર્શન આપવા જણાવેલ છે. શ્રી ધર્મેશભાઈ જોષીએ સહકાર આપવા જણાવ્યું છે.

શ્રી ભાર્ગવનાથ શુક્લ દ્વારા જણાવેલ કે શ્રીગૌડ જાગૃતિ ડિજિટલ કે હાર્ડ કોપી પર્સનલ મળવી જોઈએ. હાલ ડિજિટલ અંક પ્રકાશિત કરીએ છીએ. તેઓના નંબર આપશે તેઓને ડિજિટલ કોપી પર્સનલ નંબર ઉપર મોકલી આપવામાં આવશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ ની જીવનસાથી વોટ્સએપ ગૃપ ચાલે છે તેની માહિતી આપવામાં આવી.

ડૉ. પ્રશાંતભાઈ જોષી દ્વારા જે શ્રી પરિવારો દેશ બહાર જઈને વિદેશોમાં જઈ સ્થાયી થયા છે, તેઓને

સમાજ દ્વારા કરવામાં આવતી સમુદાયલક્ષી વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને ઈતર પ્રવૃત્તિઓ - સાંસ્કૃતિક કાર્યક્રમ, ગરબા, સ્નેહમિલન, ઈનામ વિતરણ જેવા કાર્યક્રમોની માહિતીથી પરિચિત/ વાકેફ રહે, સંગઠનમાં એનઆરઆઈ પરિવારોની ભાગીદારી વધે તે માટેના પ્રયાસ કરીએ છીએ તેની માહિતી આપવામાં આવી. સમાજ સાથે આ પરિવારોને ડિજિટલ માધ્યમથી જોડવા માટે એનઆરઆઈ વોટ્સએપ ગૃપ બનાવેલ છે તેની માહિતી આપવામાં આવી. ખંભાત ખાતેના વિદેશોમાં સ્થાયી થયેલા પરિવારોને માહિતી આપવા જણાવેલ છે.

કાર્ડિયાક કેર સેન્ટર, ખંભાતનું મેનેજમેન્ટ શ્રી મિલિંદભાઈ શાસ્ત્રી સંભાળે છે. તેમાં શ્રી બંધુ શ્રી સર્વાંગ જોષી અને અન્ય સભ્યો મદદરૂપ થાય છે. શ્રી મિલિંદભાઈ દ્વારા બેઠક શરૂ કરતાં પહેલાં હોસ્પિટલમાં સુવિધાઓ અને રાહતદરે આવતી સેવાઓથી માહિતગાર કરવામાં આવ્યાં. હોસ્પિટલમાં આધુનિક સાધનોથી અને રાહતદરે સારવાર કરવામાં આવે છે તેની માહિતી આપી. કાર્ડિયાક કેર સેન્ટરમાં આણંદ જિલ્લામાં સૌથી વધારે રાહત દરે એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી તથા પેસમેકરની અત્યંત આધુનિક સુવિધા અને દવાઓ ઉપલબ્ધ છે. આજુબાજુના વિસ્તાર (ખેડા અને આણંદ જિલ્લા ) માં રહેતા શ્રી પરિવારોને આ મેડિકલ સવલતોનો લાભ લેવા માહિતગાર કરવા અને પ્રોત્સાહિત કરવા તેમજ તેઓને પ્રોપર અને સાચું મેડિકલ માર્ગદર્શન મળી રહે તે માટે સૂચન કરવામાં આવ્યું. સભ્યોને મેડીકલ લાભ મળી શકે તે માટે આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે પણ માહિતી આપવી અને પ્રોત્સાહિત કરવા સૂચન કરવામાં આવ્યું.

બેઠકના અંતે શ્રી જિજ્ઞેશભાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી. ત્યારબાદ સૌ શ્રી બંધુઓ સાથે પ્રિતી ભોજન ગ્રહણ કરી છુટા પડ્યા.

આ તબક્કે બેઠકનું સરસ રીતે સફળ આયોજન કરવા અને ભોજન માટે સર્વશ્રી મિલિંદભાઈ શાસ્ત્રી, સુશ્રી સુશીલાબેન જોષી અને ખંભાતના સર્વે શ્રી બંધુઓનો સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવે છે.

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી,

**યોગેશ શુક્લ (૯૮૨૪૦૫૮૭૯૯),**

**જયંત જોષી (૯૬૦૧૯૯૫૫૬૭), જીજ્ઞેશ પંડિત (૯૦૯૯૦૨૯૦૭૯)**

તા.ક. : સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા ગુજરાતના જુદા જુદા શહેરો / ગામોમાં જઈને ત્યાંના શ્રી પરિવારો / શ્રી બંધુઓ / વડીલો અને સમાજના મંડળો સાથે સંવાદ બેઠકનું આયોજન કરવાના છે. આ માટે સંબંધિત વિસ્તાર ના શ્રી બંધુઓ / વડીલો અને સમાજના મંડળોનો સંપર્ક કરવામાં આવશે. આવી બેઠકના આયોજન કરવામાં મદદરૂપ થવા માંગતા હોય તેઓ યોગેશ શુક્લ, જયંત જોષી અને જીજ્ઞેશ પંડિતનો સંપર્ક કરવા વિનંતી.







# સર્વે મંડળના સભ્યો તથા પરિવારજનો...



શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ ,વડોદરા દ્વારા આયોજીત શ્રી મહાલક્ષ્મી માતાજી ના પાટોત્સવ ઉજવણી નિમિતે નવચંડી યજ્ઞનું આયોજન અને ટ્રસ્ટની મહિલા પાંખ થકી પ્રથમ કાર્યક્રમ મકાઈ માંથી "વાનગી બનાવવાની હરીફાઈ" તા.૧૨/૦૯/૨૦૨૪ ને ગુરૂવારે યોજાયેલ જે માતા મહાલક્ષ્મીજી ની અસીમ કૃપા થી અદ્ભુત સફળતા મળી હતી.

આ સફળતા માટે ટ્રસ્ટના સર્વે હોદ્દેદાર , ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો, પુરોહિતશ્રી પરેશભાઈ અને એમની સમગ્ર બ્રાહ્મણ ટીમ, યજમાન તરીકે સહપત્ની બેસનાર શ્રી પ્રશાંતભાઈ પાઠક, શ્રી મનોજભાઈ શુક્લ, શ્રી અસીતભાઈ શુક્લ, શ્રી વિપુલભાઈ પંડ્યા ઉપરાંત મંડળના ઉપસ્થિતિ સર્વે પરિવારજન, દર્શનાર્થે પધારેલ મહેમાનો, મહિલા પાંખના હોદ્દેદારો પ્રમુખ-કામાક્ષીબેન પંડ્યા, ઉપપ્રમુખ-મેઘાબેન પંડ્યા, સેક્રેટરી-આરતીબેન દવે, મીટ્ટુબેન શુક્લ, ખજાનચી-આરતીબેન પાઠક, જાગૃતીબેન શુક્લ અને અગ્રણી શ્રી જવનીકાબેન અને શ્રી શ્રુતિબેન વગેરે હાજર રહ્યા હતા. સભ્યો...સ્પર્ધકો અને નિર્ણાયકશ્રીઓ, વિશેષતઃ શ્રી માતાજીના ચરણો માં સેવાભાવ ભેટ ધરનાર સૌ દાતાશ્રીઓ મુખ્ય શિલ્પકાર તરીકે સહભાગી બન્યા હતા .

આ સર્વેનો મંડળ વતી આભાર વ્યક્ત કરી એ છીએ .

આભાર સહ........

શ્રી જયેન્દ્ર દવે
પ્રમુખ

શ્રી મનોજ શુક્લ
મંત્રી



### સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત
### શ્રીગૌડ સાડત્રીસ સમાજ અને શ્રીગૌડ પ્રગતિ મંડળ ના સંયુક્ત ઉપક્રમે

# ત્રીજો શરદોત્સવ

**તારીખ : ૨૦/૧૦/૨૦૨૪ રવિવાર, સાજે ૬:૩૦ કલાકે થી**
**સ્થળ : સરદાર પટેલ સેવા સમાજ લોન ગ્રાઉન્ડ,**
**ઈન્દુબેન ખાખરાવાલા સામે, નવરંગપુરા, અમદાવાદ**

સ્નેહ વંદન,

સમાજના દરેક સભ્યોને જણાવતા આનંદ થાય છે કે શ્રીબંધુઓ માટે એકદિવસીય સાંસ્કૃતિક પ્રોગ્રામ રૂપે, ચાલુ વર્ષે સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત, શ્રીગૌડ સાડત્રીસ સમાજ અને શ્રીગૌડ પ્રગતિ મંડળ ના સંયુક્ત ઉપક્રમે **શરદોત્સવ**નું આયોજન કરવામાં આવ્યું છે. આપણો શ્રી સમાજ ભેગો થાય અને સમૂહ આનંદનો લાભ મળે એ હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન માં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ અને સંપૂર્ણ સહકાર આપશો. આપનો સહકાર આ મુજબ આપી શકો છો. ગરબા સ્થળે સમાજના સભ્યો પાસેથી તથા બહારથી જાહેરાત લાવી સહકાર આપવા વિનંતી છે.

**જાહેરાતના દર નીચે પ્રમાણે છે :**
- ૩X૨ ના બેનર ના ૧૧૦૦/- રૂપિયા (સાથે ૨ પાસ ફ્રી)
- ૪X૨ ના બેનર ના ૨૧૦૦/- રૂપિયા (સાથે ૪ પાસ ફ્રી)
- ૬X૩ ના બેનર ના ૫૧૦૦/- રૂપિયા (સાથે ૧૦ પાસ ફ્રી)

**ગરબામાં આરતીના યજમાનતરીકે સેવા આપવાના**
રૂ. ૧૫૦૦/- રૂપિયા રાખવામાં આવ્યા છે.
(સાથે ૩ પાસ ફ્રી)
(કુલ ૧૫ યજમાન રાખવામાં આવશે.)

- રૂ. ૨૫,૦૦૦/- થી વધારે ભેંટ આપનારા દરેક દાતાશ્રીઓની સેવાઓ જેવી કે સમૂહ ભોજન માટે, સ્ટેજ સેવા..અને અન્ય સેવાઓ ની કદરરૂપે તેઓના નામ આમંત્રણ પત્રિકામાં દર્શાવવામાં આવશે તથા તે દાતાઓનું સન્માન કરવામાં આવશે.
- શરદોત્સવમાં સ્વરુચિ ભોજનની વ્યવસ્થા રાખેલ છે. ભોજન પાસની કિંમત માત્ર ૫૦/- રૂપિયા પ્રતિ વ્યક્તિ રાખવામાં આવેલ છે.
- ગરબા રમનાર ભાઈઓ - બહેનો તથા બાળકો માટે ઈનામ રાખવામાં આવેલ છે. (ટ્રેડિશનલ ડ્રેસ ફરજિયાત રહેશે).
- ગરબાના આ પ્રોગ્રામને સફળ તથા સમાજને આર્થિક રીતે મજબુત બનાવવા માટે દરેક સભ્યો જાહેરાત લાવી આપી સમાજને આભારી કરશો
- ગરબાનું live ટેલિકાસ્ટ YouTube, Facebook માટે ના દાતા રૂ.૫૧૦૦/- (૧૦ પાસ ફ્રી)

**શ્રી બંધુ દ્વારા પોતાની પ્રોડક્ટ ના સેલ માટે ટેબલ સ્પેસ**
રૂ. ૧૫૦૦/- (૧ ટેબલ અને ૨ ખુરશી મળશે - ૨ પાસ ફ્રી), રૂ. ૨૧૦૦/- (૨ ટેબલ અને ૩ ખુરશી - ૩ પાસ ફ્રી)

**ગરબાના પાસ મેળવવા સંપર્ક નંબર**

જીજ્ઞેશભાઈ પંડિત - ૯૦૯૯૦૨૯૦૭૯, પારૂલબેન દવે - ૯૭૨૭૯૫૩૭૧૪, રીમાબેન દવે - ૯૯૦૯૯૩૧૩૩૩
ધ્રુવભાઈ શુકલ - ૯૪૨૯૩૫૫૬૫૩, ડૉ. પ્રશાંતભાઈ જોષી - ૯૮૨૫૫૫૨૯૨૭, દિગીશભાઈ દવે - ૮૫૧૧૧૮૪૧૮૪
મયંકભાઈ શુકલ - ૯૮૨૫૦૭૪૭૪૬, ઉદયભાઈ શાસ્ત્રી - ૯૮૨૫૩૯૩૫૯૯, પ્રવિણભાઈ પુરોહિત - ૯૮૨૪૩૫૮૨૯૭
હાર્દિકભાઈ શુક્લ - ૯૬૬૨૫૦૯૮૭૫, હેતલભાઈ શુકલ - ૯૭૨૬૨૫૮૩૫૩, ધ્રુવા દવે - ૯૯૭૯૨૦૫૦૦૨

**કન્વીનર :** દિગીશભાઈ દવે - પારૂલબેન વી. દવે

**કો-કન્વીનર :** સુશ્રી લીનાબેન શુક્લ - પ્રો. હાર્દિક શુક્લ (સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત)
ડૉ. પ્રશાંતભાઈ જોષી ( શ્રીગૌડ સાડત્રીસ સમાજ ), સુશ્રી ધ્રુવા દવે (શ્રીગૌડ પ્રગતિ મંડળ)

---

શ્રી કમલેશભાઈ પાઠક. (પ્રમુખશ્રી) - શ્રી યોગેશભાઈ શુક્લ (મંત્રી) - શ્રી રાજેશ પંડ્યા (તંત્રીશ્રી - શ્રીગૌડ જાગૃતિ)
( સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત)
શ્રી વિભાકરભાઈ વ્યાસ (પ્રમુખશ્રી) - શ્રી જીજ્ઞેશભાઈ પંડિત ( મંત્રી )
(શ્રીગૌડ સાડત્રીસ સમાજ)
સુશ્રી પારૂલબેન દવે (પ્રમુખશ્રી) - શ્રી અમિતભાઈ જોષી (મંત્રી )
( શ્રીગૌડ પ્રગતિ મંડળ, અમદાવાદ)

Ultimate Insurance
आपके सपनों का कवच

www.ultimateinsurance.in

- Life Insurance – LIC
- Health Insurance & Mediclaim
- Motor Insurance
- Mutual Funds
- Bonds, FD, Small Saving
- Home Loan
- Business Insurance
- NRI Insurance

ARPITA BHAVIK KADIYA
Wealth Manager
(Retirement Planning Expert)

9924272620, 9924275150
arpitakadiya2605@gmail.com
210, Second Floor, Anand Mangal-2,
Ashwamegh Avenue, B/H Omkar Comlex,
C G Road, Navrangpura. Ahmedabad-380015.

Club Member:- MDRT, ZM, LIMRA
"Shatakveer"



શર્મિષ્ઠાબેન બિપીનચંદ્ર ઉપાધ્યાય
ટીમ્બા ગામ, અમદાવાદ.

# અવસાન નોંધ

(૧) સવ. તુષારભાઈ નારાયણભાઈ દવે, ભાયંદર, મુંબઈ
(૨) સ્વ. રશ્મિકાબેન ઉપેન્દ્રકુમાર પાઠક, ગોધરા
(૩) સ્વ. કુ. પરાગી અરૂણકુમાર પાઠક, વડોદરા
(૪) સ્વ. નવીનચંદ્ર હરિશંકર પાઠક, વડોદરા
(૫) સ્વ. નિરવ હરેશભાઈ પંડ્યા, નડિયાદ
(૬) સ્વ. મુકેશભાઈ નંદશંકર પંડિત, અમદાવાદ
(૭) સ્વ. અશોકભાઈ વિશ્વનાથ (ચંપકલાલ) પંડ્યા ગોરજ તા. ઠાસરા
(૮) સ્વ. ચંદ્રભાગાબેન નવીનચંદ્ર શુક્લ, દેવગઢ બારિયા
(૯) સ્વ. સુધાબેન ભીખુભાઈ શુક્લ, સુરત
(૧૦) સ્વ. વાસુદેવભાઈ મુળશંકર દવે, વડોદરા
(૧૧) સ્વ. ડૉ. રત્નપ્રભા (રક્ષાબેન) બીપીનચંદ્ર દવે, અમદાવાદ
(૧૨) સ્વ. પ્રિયદર્શન શિવશંકર પંડ્યા, વડોદરા
(૧૩) સ્વ. મંદાકિની ગિરીશચંદ્ર શુક્લ, અમદાવાદ
(૧૪) સ્વ. શર્મિષ્ઠાબેન બિપીનચંદ્ર ઉપાધ્યાય, અમદાવાદ
(૧૫) સ્વ. મનોરમાબેન ગજાનન શુકલ, લુણાવાડા
(૧૬) સ્વ. દિનેશચંદ્ર લક્ષ્મીનારાયણ પાઠક, દેવગઢ બારીયા/ વડોદરા
(૧૭) સ્વ. માનવેન્દ્રભાઈ કનૈયાલાલ દિક્ષિત, અમદાવાદ
(૧૮) સ્વ. વિદ્યાબેન હીરાલાલ જોશી, સરગાસણ, ગાંધીનગર
(૧૯) સ્વ. અરવિંદભાઈ વાસુદેવભાઈ ચતુર્વેદી, ચાંદખેડા, અમદાવાદ
(૨૦) સ્વ. પ્રભાવતીબેન જેઠાલાલ શુક્લ, અમદાવાદ
(૨૧) સ્વ. હરેશકુમાર જમનાશંકર શુક્લ, વડોદરા

(સૌરાષ્ટ્ર, કચ્છ )
(૧) સ્વ. કુમારી પ્રાર્થના ચેતનકુમાર જોશી, રાજકોટ
(૨) સ્વ. શારદાબેન નૌતમલાલ દવે, જુનાગઢ
(૩) સ્વ. ઈશિતાબેન આકાશકુમાર દવે, શિકાગો, અમેરિકા
(૪) સ્વ. પ્રજ્ઞાબેન દિલીપભાઈ ત્રિવેદી, કાંદીવલી, મુંબઈ
(૫) સ્વ. ભાનુમતીબેન પ્રેમશંકર પંડ્યા, અમદાવાદ
(૬) સ્વ. રાજેશપ્રસાદ ફુલાભાઈ પંડ્યા, ચોટીલા
(૭) સ્વ. અંકિત ગૌરાંગભાઈ પુરોહિત, જુનાગઢ
(૮) સ્વ. કનકરાય મગનલાલ દવે, ઓખા
(૯) સ્વ. ગમનલાલ ગૌરીશંકર ભટ્ટ, સરદારપુર
(૧૦) સ્વ. નર્મદાબેન વામનરાય જોષી, જામકંડોરણા
(૧૧) સ્વ. હંસાબેન ઘનશ્યામભાઈ પંડ્યા, બાબરા
(૧૨) સ્વ. હિતેશભાઈ પ્રતાપશંકર ભટ્ટ, સાવરકુંડલા
(૧૩) સ્વ. મિતેષભાઈ પ્રદિપભાઈ ભટ્ટ, ખારચીયા
(૧૪) સ્વ. હર્ષદરાય (હરૂભાઈ) ભૂપતલાલ ભટ્ટ, મોણીયા (તા.વિસાવદર)
(૧૫) સ્વ. પ્રવિણચંદ્ર ભાસ્કરાઈ દવે, જુનાગઢ
(૧૬) સ્વ. ધીરજબેન પ્રબોધભાઈ ભટ્ટ, કાંદીવલી, મુંબઈ
(૧૭) સ્વ. સાવિત્રીબેન સુરેશભાઈ ભટ્ટ, જુનાગઢ
(૧૮) સ્વ. ઉર્મિલાબેન વિનોદરાય પુરોહિત, જુનાગઢ
(૧૯) સ્વ. મનસુખલાલ નાનાલાલ દવે, જુનાગઢ
(૨૦) સ્વ. કનકરાય મણિશંકર દવે, રાજકોટ

**સર્વે દિવંગત આત્માઓને પ્રભુ ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

09925024457
Shree Ghargash Astro world
Pratik Shukla
Vedic Astrology, Vedic vastu, Numerology, Poojan
Mangalmurti Hanumanji Mandir, Opp- ketav petrol
pump, Ambawadi, Ahmedabad- 380006. 7434058058

# "કેન્સર જાગૃતિ" વિષે વ્યાખ્યાન



શ્રીગૌડ સાડત્રીસ સમાજ સંચાલિત શ્રીગૌડ વનિતા વૃંદ દ્વારા તારીખ 4/8/2024 ને રવિવારના રોજ અમદાવાદ AMA માં આરોગ્ય વિષયક પ્રોગ્રામ "કેન્સર જાગૃતિ" વિષે વ્યાખ્યાન અમદાવાદ ખાતે ખૂબ સફળતાપૂર્વક પૂર્ણ થયું.વિષયની છણાવટ Dr અંજનાબેન ચૌહાણે ખૂબ ઉંડાણપૂર્વક અને રસપ્રદ બની રહે તે રીતે કરી.PPT presentation અને Graphs દ્વારા, ટેકનોલોજીનો ઉપયોગ કરી તેને વધુ effective બનાવી સહેલાઈથી સમજી શકાય તેવું કરેલું છે. પ્રશ્નોત્તરી નું સેશન શરૂ થયું, એ પણ ખૂબ રસપ્રદ રહ્યું.બહેનો ઍ તેમને મુંઝવતા દરેક પ્રશ્નો મુક્ત મને પૂછયા હતા અને તેનો જવાબ Dr Madam દ્વારા બરાબર સમજાય તે રીતે મળ્યો હતો. આ આરોગ્ય વિષયક પ્રોગ્રામનાં આયોજક Dr Nikita અને મનન જોશી નો પ્રયત્ન સફળ રહ્યો...

| | |
|---|---|
| વિભાકરભાઈ વ્યાસ. | જીજ્ઞેશ બી પંડિત |
| પ્રમુખ, | મંત્રી. |
| સંવિદાબેન પંડયા. | ડૉ. પ્રશાંતભાઈ જોષી |
| પ્રમુખ વનિતા વૃંદ. | કન્વીન |



# CITYSCAPE
## REAL ESTATE

## સીટીસ્કેપ રીયલ એસ્ટેટ, સાઉથ બોપલ.

- શું તમે તમારા સપના નું ઘર ખરીદવા માંગો છો ?
- શું તમે તમારી ચોઈસ નું ઘર ભાડે લેવા માંગો છો ?
- શું તમે તમારી પ્રોપર્ટી ભાડે/વેચાણ થી આપવાનું વિચારી રહ્યા છો ?

**તો આજે જ રજીસ્ટ્રેશન કરાવો**

## ખરીદ વેચાણ ભાડે



- મકાન
- દુકાન
- ફ્લેટ
- ઓફિસ
- પ્લોટ
- ગોડાઉન
- બંગ્લોઝ
- શો-રૂમ
- જમીન (ખેતી /ઉદ્યોગ/વાણિજ્ય /રહેણાંક લાયક)

9601001110

: cityscape real estate : cityscape _real_estate

સીટીસ્કેપ રીયલ એસ્ટેટ, સાઉથ બોપલ.


Spectrum Aatithya

An ISO 9001 : 2015 Certified Company

Corporate Servive Apartment



Company Guest House Management







Hotel Apartments/Resorts

House Keeping Services

OUR CLIENTS

Bite By Bite

Riverfrunt Restourant




Email : info@spectrumaatithya.com

Website : www.spectrumaatithya.com

Mr. NILESH SHUKLA

Email : nilesh.shukla@spectrumaatithya.com

# 99748 44949

• Ahmedabad • Mumbai • Gurgaon • Indore • Pune • Bengaluru • Ranchi • Kolkatta

Spectrum Aatithya, Sopan Life Style, Near Seema Hall, Opp. M.G. Partyplot, Jodhpir, Ahmedabad-380015.

CARDIAC CARE CENTER
KHAMBHAT

ધી કેમ્બે મેડિકલ રિલિફ સોસાયટી

# શ્રી એમ. એમ. પરીખ કાર્ડિયાક કેર સેન્ટર - ખંભાત




તમારી સુખાકારી માટે કાર્ડિયાક કેર સેન્ટર ખંભાતની મુલાકાત એકવાર તો લેવી જરૂરી છે.

## કાર્ડિયાક કેર સેન્ટર

બેઠક રોડ, લાલ દરવાજા, ખંભાત - ૩૮૮૬૨૦, જી. આણંદ.

ફોન : (૦૨૬૯૮) ૨૨૩૬૨૫ - ૨૬, ૨૨૫૩૧૨ (મો) ૯૮૨૫૦૧૨૭૯૭

e-mail : cckhambhat2003@yahoo.com

website : www.cckhambhat.org

# મંગુબા આઇ.સી.યુ. યુનિટ / રમણલાલ મો. શાહ આઇ.સી.યુ. વિભાગ

## ICU / ICCU વિભાગ ૧ અને ૨






મંગુબા આઇ.સી.યુ. યુનિટ - ૧






રમણલાલ મોહનલાલ શાહ આઇ.સી.યુ. યુનિટ - ૨

અદ્યતન આધુનિક મશીનોથી સુસજ્જ સંપૂર્ણ સાથે બેડ તથા બેડના આઈ.સી.યુ./આઈ.સી.સી.યુ.ના બે વિભાગ જેમાં બેડ-સાઈડ પેશન્ટ મોનીટર્સ તથા સેન્ટ્રલ મોનીટરીંગ સિસ્ટમ સાથે કનેક્ટેડ, વોલ માઉન્ટેડ ઓક્સિજન તેમજ સક્શન સપ્લાય, ૫ વેન્ટીલેટર, ૩ બાયપેપ મશીન, ઈ.સી.જી. મશીન, ડિફેબ્રીલેટર મશીન, પોર્ટેબલ ડિજીટલ એક્સ-રે મશીન, પોર્ટેબલ 2D ઈકો તેમજ સોનોગ્રાફી મશીન વિગેરેની સેવા ઉપલબ્ધ છે.

આઈ.સી.યુ./આઈ.સી.સી.યુ.માંથી ટ્રાન્સફર થયેલ દર્દીઓ માટે ૮ બેડનું A.C. સ્ટેપ-ડાઉન યુનિટ, જેમાં વોલ ઉન્ટ ઓક્સિજન સપ્લાય, સક્શન સપ્લાય તથા પોર્ટેબલ મોનિટરની સુવિધા ઉપલબ્ધ છે.



નિષ્ણાંત ફીઝીશીયન દ્વારા દરરોજની નિયમિત ઓ.પી.ડી.ની સેવાઓ અન્ય સુપર સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરશ્રી દ્વારા ચાલતી ઓ.પી.ડી.

- પલ્મોનોલોજીસ્ટ : શ્વાસ તથા ફેફસાંના રોગો માટે દર બુધવારે.
- નેફ્રોલોજીસ્ટ : કિડનીના રોગો માટે દર બુધવારે.
- ફીઝીશીયન દ્વારા ડાયાબિટીસ રોગના દર્દીઓની નજીવા દરે સારવાર માટે દર મંગળવાર અને શુક્રવાર.
- ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ : હૃદય તેમજ હૃદયને લગતા રોગો માટે દર ગુરૂવાર અને શુક્રવાર.

દર્દીઓ માટે રાહતદરે એમ્બ્યુલન્સ સેવા ૨૪ કલાક ઉપલબ્ધ છે.

**૩૦ જૂન ૨૦૧૭ સુધીના આંકડા નીચે મુજબ છે :**

- ઓ.પી.ડી. - ૧૨૨૮૯૩
- આઈ.પી.ડી. - ૧૭૫૭૭
- ઈ.સી.જી. - ૫૪૯૧૧
- ટી.એમ.ટી. - ૨૨૪૬
- 2D ઈકો - ૧૨૭૬૬
- લેબ ટેસ્ટ - ૪૩૩૦૪૭
- વેન્ટીલેટર - ૩૧૬૬

# ડાયાલીસીસ વિભાગ



**અત્યંત આધુનિક જાપાનના NIPROSURDIAL 6 મશીનો + જર્મનીના FRESEINIUS 6 મશીનો**





સંપૂર્ણ અત્યંત આધુનિક સુવિધાઓથી સુસજ્જ ડાયાલીસીસના પોઝીટીવ અને નેગેટીવ વિભાગ. દરેક વિભાગમાં દરેક બેડ સાથે ઓનલાઈન સકશન તથા ઓક્સિજનની સુવિધા તથા તમામ ઈમરજન્સી સાધનો ઉપલબ્ધ. બે R.O. પ્રોસેસીંગ સિસ્ટમ સાથેનો આધુનિક વોટર ફીલ્ટર પ્લાન્ટ

**૩૦ જૂન ૨૦૧૭ સુધી ડાયાલીસીસની સંખ્યા : ૬૨૦૨૪**

# મેડિકલ ચેક-અપ માટેના ટેસ્ટ

- સી. બી. સી.
- લીવર માટેના ટેસ્ટ
- એચ.આઈ.વી.ના ટેસ્ટ
- ડાયાબિટીસ માટેના ટેસ્ટ
- કીડની માટેના ટેસ્ટ
- છાતીના એક્સ-રે
- ઈ.સી.જી.
- ટ્રેડમીલ ટેસ્ટ
- 2D ઈકો કાર્ડિયોગ્રામ
- ફેફસાં માટેની તપાસ
- થાઈરોઈડ માટેના ટેસ્ટ
- લોહીમાં રહેલ ચરબીના ટેસ્ટ
- કેન્સરના ટેસ્ટ
- ઝાડા તથા પેશાબના ટેસ્ટ
- સ્ત્રીઓ માટે મેમોગ્રાફી
- ઝેરી કમળાના ટેસ્ટ
- પેટની સોનોગ્રાફી

## વિશેષતાઓ :

- એક જ દિવસમાં ઉપરોક્ત તમામ તપાસ
- સંપૂર્ણ લેખિત રીપોર્ટની ફાઈલ
- બે ફ્રી ફોલોઅપ તપાસ

## નોંધ :

- આ તપાસ માટે એક દિવસ અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી. ઉપરોક્ત દર ફેરફારને આધીન.

## કાર્ડિયાક કેર સેન્ટર દ્વારા અપાયેલ આજ દિન સુધીની કુલ રાહત :

- ડાયાલીસીસના દર્દીઓને રાહત - ₹ ૨,૧૬,૩૧,૮૫૬/-
- ડાયાબીટીસના દર્દીઓને રાહત - ₹ ૩૩,૪૩,૧૪૭/-
- બી.પી. દર્દીઓને રાહત - ₹ ૧૪,૫૯,૭૧૦/-
- સાધુ સંતોને રાહત - ₹ ૨,૯૯,૬૯૫/-
- આઈ.પી.ડી. બીલમાં રાહત - ₹ ૫૯,૭૩,૭૪૬/-

## અભૂતપૂર્વ સફળતા :

- કુલ સર્પ દંશના કેસ ૧૭૧ જેમાં ૧૭૦ (૯૯.૪૨ %) લોકોના જીવ બચાવવામાં સફળતા મળેલ છે.
- પોઈસનિંગ દર્દીઓના કેસ ૩૯૯ જેમાં ૩૬૯ (૯૧.૪૭%) સફળતા મળેલ છે.

**"આપના સ્વાસ્થ્યની સુખાકારી માટે અમારી સંસ્થાની મુલાકાત કરો."**

**સંપર્ક :**
બેઠક રોડ, ખંભાત - ૩૮૮૬૨૦. ફોન : ૦૨૬૯૮-૨૨૩૬૨૫, ૨૨૩૬૨૬
e-mail : ccckhambhat2003@yahoo.com

**એડમિનિસ્ટ્રેટર**
**કાર્ડિયાક કેર સેન્ટર - ખંભાત**

# માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ

શ્રીગૌડ જાગૃતિ મા આપ જે માહિતી અથવા સાહિત્ય પ્રકાશિત કરવા માંગતા હોવ તે સંપાદક ને પહોંચાડવા માટે આ QR Code સ્કેન કરી ને જે ગૂગલ ફોર્મ ખુલે તે ભરીને સબમિટ કરશો.

આ ગૂગલ ફોર્મ શ્રીગૌડ જાગૃતિ ના આગામી પ્રકાશિત થનારા અંક માં આપ કોઈપણ સમાચાર (લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર, ચૌલ સંસ્કાર, શ્રદ્ધાંજલિ સમાચાર, બઢતી અથવા સિદ્ધિ ના સમાચાર, વિશેષ ક્ષેત્ર માં મેળવેલ સિદ્ધિ , સન્માન, બહુમાન, ને લગતી માહિતી સમાજ ના મુખપત્ર માં પ્રકાશિત કરવા ઈચ્છતા હોવ તો આ ગૂગલે ફોર્મ ના માધ્યમ થી શ્રીગૌડ જાગૃતિ ના સંપાદક મંડળ ને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપ ની કોઈ સાહિત્યિક રચના / લેખ, કવિતા સામાજિક સંદેશ પ્રકાશિત કરવા માંગતા હોવ તો તે પણ આ ગૂગલ ફોર્મ સાથે મોકલી આપવા વિનંતી. પ્રસંગ ને અનુરૂપ ફોટોગ્રાફ અથવા કોઈ ડોક્યુમેન્ટ મોકલવા માંગતા હોવ તો તે પણ અટેચ કરી મોકલી શકો છો.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

જો કોઈ ડોક્યુમેન્ટ અથવા ફોટોગ્રાફ અથવા pdf સાથે વિગત આપવાની હોય તો ફાઈલ / ફોટોગ્રાફ અહીંયા અટેચ કરો (5 ફાઈલ અને 10 MB ટોટલ સાઈઝ - word, excel, drawing કે pdf અપલોડ કરી શકાશે.)

આપણા સમાજના ઉત્કર્ષ માટે અને સમાજના સભ્યો એકબીજા ની નજીક આવે અને સંગઠન ની ભવન વધુ મજબૂત બને તેવા ભાવ ને ગુણિત કરવામાં આપનું આ પ્રતિભાવ / યોગદાન અમૂલ્ય છે. સમાજ ના વિકાસ માટે આપ તત્પર રહો અને સમાજ ના પડખે ઉભા રહો તેવી શુભકામના સાથે આપનો ખુબ આભાર.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં તંત્રી મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રીશ્રીનો રહેશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત

| કમલેશ પાઠક | યોગેશ શુક્લ | જયંત જોષી | રાજેશ પંડ્યા'રાજ' |
| --- | --- | --- | --- |
| પ્રમુખ | મંત્રી | ટ્રસ્ટી | તંત્રી |